ઘોઘામાં તે સમયે એક પણ શાળા ન હોવાથી હરકુંવર અભણ રહી ગયા હતા. ઘરમાં શિક્ષણ મેળવ્યું હોય તે શક્ય લાગતું નથી. હરકુંવરના ૧૨ વર્ષની વયે ઇ.સ. ૧૮૩૨ માં અમદાવાદના કરોડપતિ જૈન વેપારી હઠીસિંહ કેસરીસિંહ સાથે થયા. તે સમયે હઠીસિંહની ઉંમર ૩૬ વર્ષની હતી. આ રીતે સંસાર માંડ્યો ત્યાં અચાનક ઇ.સ. ૧૮૪૫ માં હઠીસિંહનું મૃત્યું થયું. હરકુંવર ૨૬ વર્ષની ભરયુવાન વયે વિધવા બન્યા.[૨] તે નિ:સંતાન હતા.

❖ **સમાજ સુધારણાની દિશામાં કાર્ય :**

હરકુંવરે શૈશવકાળમાં ગરીબાઇ જોયેલી તેથી તેમને ગરીબો અને વંચિતો તરફ ભારે અનુકંપા હતી. હઠીસિંહ મબલખ મિલકત સોંપીને ગયા હતા. તેનો ઉપયોગ તેમણે માનવ કલ્યાણાર્થે કર્યો. તેમણે તીર્થધામોના સંઘો કાઢ્યા. તેમજ ફતાશાની પોળમાં હંસનાથજીનું મંદિર રૂ. ૫૦ હજારના ખર્ચે બંધાવ્યું. તેમના દાનનો પાયો ધર્મ અને કોમના કોઇ પણ ભેદભાવ વગર સમાજપયોગી કાર્યો પર રચાયો હતો.

હરકુંવર ફાર્બસસાહેબ, ગોપાળ હરિ દેશમુખ, સત્યેન્દ્રનાથ ટાગોર, દલપતરામ, ભોગીલાલ પ્રાણવલ્લભ જેવા સમાજસુધારકોના સંપર્કોમાં આવ્યા. તેમણે સમાજસુધારાના કામોમાં ભાગ લીધો. હરકુંવરે સાર્વજનિક ઉત્કર્ષના કાર્યો પાછળ તેમણે તન અને મનને પરોવીને વૈધવ્યને કાર્યરત અને આનંદમય બનાવ્યો. જે જમાનામાં

વિધવાને અપશુકનિયાળ ગણીને તરછોડવામાં આવતી તે સમયનો વિચાર કરતા એવું લાગે છે કે હરકોર શેઠાણીમાં પ્રચંડ આત્મવિશ્વાસ હતો.[૩]

❖ **ગુજરાતના પ્રથમ મહિલા કેળવણીકાર** :

હરકુંવર 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં શરૂઆતથી જ સંકળાયેલા હતા. ઇ.સ. ૧૮૪૯માં જ્યારે સોસાયટીએ સુપ્રસિધ્ધ શિક્ષક કરુણાશંકરની શાળાનો વહીવટ પોતાને હસ્તક લીધો ત્યારે નાણાની તંગી ઊભી થઈ ત્યારે ઇ.સ. ૧૮૫૦ માં હરકોર શેઠાણીએ રૂ. બાર હજારનું દાન કર્યું. ત્યારથી એ શાળા તેમને નામે જ 'હરકોર શેઠાણીની શાળા' લોકજીભે ચઢી ગયું.[૪] તે જ વર્ષે મગનભાઈ કરમચંદે સ્થાપેલી કન્યાશાળામાં હરકુંવર અવારનવાર જતા અને સાથે મહીપતરામના પત્ની પાર્વતીકુંવર, મગનભાઈ કરમચંદની પુત્રી સમરથ, સત્યેન્દ્રનાથના પત્ની, ગોપાળહરિ દેશમુખના પત્ની, અમદાવાદના કલેક્ટર ઓલિફન્ટના પત્ની મિસિસ ચેમ્બરલેન, મિસિસ કોલેટ વગેરે જતા હતા.

તે સમયે કન્યાશાળામાં કન્યાઓને ઇતિહાસ, ભૂગોળ, ગુજરાતી ભાષા, ગણિત તેમજ સિવણ અને ગરબાઓની તાલીમ આપવામાં આવતી હતી. હરકુંવર અન્ય મહિલાઓ સાથે કન્યાશાળાની તપાસ માટે જતા છોકરીઓની પરીક્ષા લેતા અને ઇનામો તથા ગોળ પતાસાની લહાણી કરતા તેમજ શિષ્યવૃત્તિ પણ આપવામાં આવતી.[૫]

❖ **સ્ત્રી-અધ્યાપન શાળાની શરૂઆત** :

હરકોર શેઠાણીની કન્યાશાળામાં વિધવાઓને માનભર્યું સ્થાન હતું. તે સંવેદનશીલ વિધવા હતા. ૩ ઓક્ટોબર, ૧૮૬૬ના રોજ કુ.મેરી કાર્પેન્ટરને સંસ્થા જોવા લઈ ગયા ત્યારે મેરી ત્યાં ૬ થી ૧૧ વર્ષની ૮૦ કન્યાઓને અભ્યાસ કરતી જોઈ. મેરીએ સુપ્રસિધ્ધ કેળવણીકાર, અને નારીવાદી અંગ્રેજ નેતા હતા. તે તો આ દ્રશ્ય જોઈને ખુશખુશ થઈ ગયા.

આમ, છતા એક વાત નોંધનીય હતી કે જો કન્યાકેળવણીનો વ્યાપ વધારવો હોય તો સ્ત્રીશિક્ષકો તૈયાર કર્યા વગર છૂટકો નથી. એ બાબતે હરકુંવરે સમાજસુધારકો અને શેઠિયાઓ સાથે ચર્ચા કરીને ઇ.સ. ૧૮૭૦ માં 'ફીમેલ ટ્રેનિંગ કોલેજ' ની સ્થાપના થઈ.[૬]

ઈ.સ. ૧૮૭૪માં જાણીતા મિલમાલિક અને સમાજ સુધારક બેચરદાસ લશ્કરીએ દાન કરવાથી આ સંસ્થાની આગળ 'મહાલક્ષ્મી' નું નામ ઉમેરાયું. મહાલક્ષ્મી બેચરદાસની પુત્રી હતી. તેમની ઈચ્છા હોવા છતા સ્ત્રી શિક્ષકો ન મળતા. તે દરમિયાન તેનું બાળપણમાં અવસાન થવાથી બેચરદાસે પુત્રીની સ્મૃતિમાં દાન આપ્યું.

❖ **અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં દાન** :

હરકુંવરે ઇ.સ. ૧૮૫૭-૫૮ માં ગુજરાત પ્રાંતની કોલેજ (આજની ગુજરાત કોલેજ નહી) શરૂ કરવા રૂ. ૫ હજાર નું દાન કર્યું હતું. ઈ.સ.૧૮૬૧ માં નાનાભાઈ હરિદાસની કાયદાના પ્રોફેસરની નિમણૂંક થઈ. તે જ વર્ષના અંતમાં એન્જિનિયરિંગનો અભ્યાસક્રમ ઘડાતા કાવસજી મંચેરજી નામના મુંબઈના યંત્રવિદની નિમણૂંક કરવામાં આવી. કોલેજ શરૂ થતા પહેલા કવિ દલપતરામ ગુજરતમાં ઠેરઠેર ફરતા અને સુધારાના કામમાં મદદ મેળવવા ફંડફાળો ઉઘરાવતા હતા. તેઓ લોકોને જણાવતા કે "જે દાન આપતા રાજા મહારાજાઓ પણ અચકાય છે તેવા દાન હરકોરબાઇ આપે છે. તે કારણોસર અને સમાજ સુધારણાના કામો કરતા હોવાથી તેમની કીર્તિ ઠેઠ ઇંગ્લેન્ડ સુધી પહોંચી છે."[૭]

❖ **માનવકલ્યાણના કાર્યો :**

**ઇ.સ.** ૧૮૫૫ માં હરકુંવરે રૂ.૫૨ હજાર અને નગરશેઠ પ્રેમાભાઇ હિમાભાઇએ રૂ.૨૨,૧૫૦ નું દાન કર્યું. જે "હઠિસિંહ-પ્રેમાભાઇ હોસ્પિટલ" તરીકે રિલિફ રોડ પર શરૂ થઈ. જે સંસ્થા આજે તો 'સિવિલ હોસ્પિટલ' તરીકે દેશભરમાં ખ્યાતનામ છે. પણ તેનો પાયો નાંખનાર એક મહિલા દાનેશ્વરી હતા તે યાદ રાખવા જેવું છે.

હોસ્પિટલમાં આંખોના ઔષધ અને વાઢકાપ ઉપરાંત અન્ય રોગોના નિદાન અને સારવારની મફત વ્યવસ્થા હોવાથી ખૂબજ પ્રમાણમાં લોકો તેના લાભ લેતા. હોસ્પિટલમાં ડૉ. કોલિયર જેવા ઘણાખરા તબીબો અંગ્રેજ હતા. મુંબઈનું ઉદ્ઘાટન કરવા મુંબઈના ગવર્નર લૉર્ડ એલ્ફિન્સ્ટન તેમની 'લેડી' સાથે પધાર્યા હતા. તે પ્રસંગે હરકોર સેઠાણીની જાહેર સખાવતોની મુક્ત કંઠે પ્રશંશા કરી હતી. એટલું જ નહિ સેવાઓની કદર રૂપે મુંબઈ સરકારે તેમને ૧૨ જૂન ૧૮૫૬ ના રોજ 'સોનાના ચાંદ' સહિત 'નેક નામદાર સખાવતે બહાદુર' નો ઈલકાબ આપ્યો હતો.

સરકારી ગેજેટમાં તેની જાહેરાત આ પ્રમાણે થઈ હતી.

"આ દેશમાં કોઈ રાજાની રાણીએ પણ હરકુંવરબાઈ જેવા ઉદાર કામો કર્યા નથી તેથી આ ખિતાબ તેમને યોગ્ય છે." ગાયકવાડ સરકારે પણ તેમને છત્ર, શાલ, મશાલ અને પાલખી સહિતે 'ચોબદાર' નો ઈલકાબ આપ્યો હતો.[૮]

❖ **હરકુંવરબાઈ દાનવીર તરીકે :**

ગુજરાતમાં ઇ.સ. ૧૮૬૫ માં દુષ્કાળ પડ્યા તે વખતે બજારોમાંથી અનાજ ખરીદીને ગરીબો માટે સસ્તા અનાજની દુકાનો શરૂ કરાવી હતી. તેમજ ઈ.સ. ૧૮૬૮ અને ઈ.સ. ૧૮૭૫ માં રેલ વખતે જ્યારે અમદાવાદ તારાજ થયું ત્યારે તેમણે રૂ.૭૦ હજાર રાહતકાર્યો પાછળ ખર્ચ કર્યો હતો.[૯]

❖ **હરકુંવર શેઠાણી સમાજ સુધારક તરીકે :**

રતનજી વાચ્છા નામના મુંબઈના સમકાલીન લેખકે નોંધ્યુ છે કે "હરકુંવર શેઠાણીએ લગ્ન અને મૃત્યુ પાછળના જમણવારો નો વિરોધ કર્યો" સાથે-સાથે મૃત્યુ પાછળ રોવા કૂટવાના રિવાજ સામે પણ પોતનો આક્રોશ વ્યક્ત કર્યો છે.[૧૦]

હરકુંવર આધુનિક ગુજરાતના સૌપ્રથમ મહિલા કેળવણીકાર અને સમાજ-સુધારક હતાં. કવિ નર્મદની જેમ તેમને પણ 'અર્વાચીનોમાં આદ્ય' ગણી શકાય, તેમનું ૫ ઓક્ટોબર, ૧૮૭૬ના રોજ ૫૬માં વર્ષે અવશાન થયું. ત્યારે દુઃખની વાત તો એ છે કે બુધ્ધિપ્રકાશ સિવાય તેમની કોઈએ પણ નોંધ સરખી લીધી નહિ. ત્યાર પછી ગોપાળહરિ દેશમુખ જેવા મહારાષ્ટ્રી સુધારક આ દ્રષ્ટિએ વધારે ઉદાર હતા. ૧૬ ફેબ્રુઆરી ૧૮૭૭ના રોજ ન્યાયાધીશ સત્યેન્દ્રનાથ ટાગોરના પ્રમુખપદ નીચે તેમનો વિદાય સમારંભ યોજાયો. તે પ્રસંગે ખાસ યાદ કરીને દેશમુખે હરકોર શેઠાણી વિશે ઉદ્ગાર કાઢ્યા હતા કે.....

"જાહેર સખાવતો અને કેળવણીની બાબતમાં નેક નામદાર સખાવતે બહાદુર હરકોરબાઈની હરિફાઈ કરી શકે તેવું ગુજરાતમાં હાલ બીજું કોઈ દેખાતું નથી. તેઓ માત્ર દાનો આપીને બેસી રહ્યા નથી. સ્ત્રી ઉત્કર્ષની પ્રવૃત્તિઓમાં તેમણે ઉંડો રસ લીધો હતો."[૧૧]

આમ, હરકોર શેઠાણીએ આજની નારી ઉત્કર્ષની પ્રવૃત્તિઓના મૂળમાં છે. સમગ્ર ગુજરાતમાં છોકરીઓની સૌપ્રથમ શાળા તેમણે શરૂ કરી હતી. ભલે ને ભણ્યા ન હતા. આ એમનું ઉમદા કાર્ય હતું. તેમજ તેઓ અમદાવાદની સુપ્રસિધ્ધ સિવિલ હોસ્પિટલનાં અને હઠિસિંહના મંદિરના સ્થાપક હતાં. આ રીતે તે સામાજિક મૂલ્યોમાં પરિવર્તન

લાવનાર, વ્યકિત સ્વાતંત્ર્ય, ઉદાર મતવાળા મૂલ્યો દાખલ કરનાર, ગુજરાતની સંસ્કૃતિના ઘડતર અને ચણતરમાં તેમની ભૂમિકા સવિશેષ રહી છે.

**સંદર્ભ સૂચિ**


૧.મહેતા શિરીન, 'ગુજરાતમાં નારીચેતના', અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૯, પૃ-૩૫૧

૨.એજન, પૃ-૩૫૨

૩.મહેતા (ડૉ.) મકરંદ, 'ગુજરાતના ઘડવૈયા', અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭, પૃ-૯૦

૪.મહેતા શિરીન, ઉપર્યુક્ત, પૃ-૩૫૪

૫.વલ્લભજી સુંદરજી પૂજાભાઈ, ' રાજનગરના રત્નો', અમદાવાદ, ૧૯૧૮, પૃ-૨૪૬

૬.મગનલાલ વખતચંદ, ' અમદાવાદનો ઈતિહાસ' , અમદાવાદ, ૧૮૫૧, પૃ-૧૫૦

૭.મહેતા (ડૉ.) મકરંદ, 'ઉપર્યુક્ત ગ્રંથ, પૃ-૯૧

૮.બુદ્ધિસાગરજી, "જૈન ઐતિહાસિક રાસમાળા, રાજકોટ, ૧૯૧૩, પૃ-૨૬૩

૯.મગનલાલ વખતચંદ, 'ગુજરાત દેશનો ઈતિહાસ', મુંબઈ, ૧૮૭૦, પૃ-૧૨૩

૧૦.વ્યાસ રજની, ' ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ', અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૩, પૃ-૪૪૬

૧૧.મહેતા શિરીન, ઉપર્યુક્ત પુસ્તક, પૃ-૩૫૭

# ગાંધીયુગના આંદોલનમાં ગુજરાતની મહિલાઓની ભૂમિકા

6

રાજેશ એન. ડાભી
અધ્યાપક સહાયક (ઈતિહાસ)
શ્રી કિશનદાશ કિકાણી આર્ટસ
એન્ડ કોમર્સ કોલેજ, ધંધુકા

.

મહિલા શક્તિના ઈતિહાસમાં ગાંધીયુગ એ નવાયુગનું નિર્માણ ગણી શકાય. કારણ કે સ્ત્રીઓની સ્વાતંત્ર્યસંગ્રામમાં સક્રિય ભાગીદારીએ યુગ પલટ્યો હતો. જેમાં શહેરી, ગ્રામીણ, ભણેલી, અભણ, બાહોશ હોંશિયાર સ્ત્રીઓ તેમજ અગણિત અજ્ઞાત નાની-મોટી સ્ત્રીઓએ ગાંધીજી અને તેમના વિચારોથી, કાર્યોથી પ્રેરાઈ સ્વતંત્રતાના આંદોલનમાં ઝંપલાવ્યું.

ગુજરાતમાં કસ્તુરબા, વિદ્યાગૌરી નીલકંઠ, શારદાબેન મહેતા, અનસૂયાબહેન સારાભાઇ, મૃદુલાબહેન સારાભાઇ, મીઠીબહેન પીટીટ, પુષ્પાબહેન મહેતા વગેરેએ પોતાની સ્વાતંત્ર્ય આંદોલનની પ્રવૃત્તિથી નામ કાઢયું હતુ અને ગ્રામીણ સ્ત્રીઓનો પણ તોટો ન હતો. સ્ત્રીઓના હિસ્સાએ રાષ્ટ્રીય આંદોલનને સ્ત્રીઓની સક્રિય ભાગીદારીવાળું આંદોલન બનાવ્યું હતું.

❖ **સ્વતંત્રતાના આંદોલનમાં જોડાવાની પ્રેરણા :**

ગાંધીજી દક્ષિણ આફ્રિકા બેરિસ્ટર તરીકે ગયા હતા. ત્યારે વંશીય ભેદભાવવાળી બ્રિટીશ સરકારે દક્ષિણ આફ્રિકા ગયેલી હિંદ પ્રજા ઉપર અન્યાયી જુલમી કાયદાઓ નાંખ્યા હતા. તે પ્રમાણે જે લગ્ન ખ્રિસ્તી દેવળમાં થયું હોય તે જ લગ્ન કાયદેસરનું ગણાય. આમ હિદમાંથી ગયેલી સ્ત્રીઓના લગ્ન ગેરકાયદેસર જાહેર થયા.[૧]

આવા કાયદાઓથી ભારતીય પ્રજાનું નેતૃત્વ ગાંધીજીએ લીધું. ત્યારે સૌપ્રથમ દક્ષિણ આફ્રિકામાં ગયેલી તમિલ અને ગુજરાતી બહેનોએ આ આંદોલનમાં જોડાવાની ઇચ્છા વ્યક્ત કરી. ગાંધીજીએ શરૂઆતમાં વિરોધ કર્યો કારણ કે તેમને ભય હતો કે જેલ, લાઠીચાર્જ, ધરપકડો, અંગ્રેજ સૈનિકોનું જંગલિયાતપણું બહેનો સહન નહી કરી શકે, પરંતુ કસ્તૂરબાના નેતૃત્વ હેઠળ બહેનો જોડાઈ ત્યારે આંદોલનમાં અનેરો ઉત્સાહ આવ્યો.[૨]

❖ **સત્યાગ્રહ આંદોલનમાં સ્ત્રીઓની ભૂમિકા :**

ગાંધીજીની ઈચ્છા શહેરી બહેનો અને ગામડાની બહેનો વચ્ચે સેતું સંધાય તે હતો. સૌપ્રથમ આ બે જૂથોની બહેનો વચ્ચે આદાનપ્રદાન ખૂબ જરૂરી લાગ્યું. દરેક સત્યાગ્રહ વખતે કસ્તૂરબા, મણિબહેન પીટીટ, અનસૂયાબહેન, સારદાબહેન મહેતા, મીઠીબહેન, ભક્તિબા, જ્યોત્સનાબહેન શુકલ, વગેરે બહેનોએ સત્યાગ્રહ આંદોલનમાં ગામડે-ગામડે ધૂણી ધખાવી હતી.

ખેડા સત્યાગ્રહ ૨૦ નવેમ્બર ૧૯૧૭ના રોજ શરૂ થયો તે સમયે ગાંધીજી અને વલ્લભભાઈએ ગુજરાતી નેતાઓને કાગળો લખ્યા કે તેઓએ તેમની પત્ની, બહેન કે દીકરીને લઈને ખેડા આવવું. ગાંધીજી સાથે કસ્તૂરબા, અનસૂયા બહેન સરાભાઈ, મીરાબહેન જોડાયાં. વલ્લભભાઈના દીકરી મણિબહેન પટેલ, દરબાર ગોપાળદાસના પત્ની ભક્તિબા વગેરે આવી પહોંચ્યા. આ બહેનોએ ખેડાના ગામડાઓ ખૂંદયા. પ્રચારકાર્યોમાં ગૂંથાઈ ગ્રામીણ બહેનોને

પ્રોત્સાહિત કરી. આ બહેનો સાદી ભાષા બોલતી. સમજાય તેવી ભાષા બોલતી. ધાર્મિક પુસ્તકો અને પ્રચલિત કથાઓના પાત્રોના દાખલાઓ આપતી.[૩]

કસ્તૂરબા ગાંધીજીએ તા. ૬ એપ્રિલ, ૧૯૧૮ના રોજ વડતાલના ગામડામાં સભામાં કહ્યું કે..... " સ્ત્રી માટે સાચો ધર્મ પતિને પગલે ચાલવું, તેને અનુસરવું. સતી સીતાએ વનવાસ વેઠવાનું રામને બળ આપ્યું હતું. અને પ્રતિજ્ઞાનું પાલન કરવાની હિંમત આપી હતી તેમ તમારે તમારા પતિને સરકારની જપ્તી આવે, ઢોરો લઈ જાય, તો પણ તમારૂં પોતાનું રાજ પામવા માટે જુલમી સરકારને મહેસૂલ આપી એને બળવાન ન બનાવાય. આવી લડાયક સ્ત્રીઓ જ બહાદુર બાળકોને જન્મ આપી શક્શે તો જ સ્વરાજ પ્રાપ્ત થઈ શક્શે."[૪]

❖ **અસહકારનું આંદોલન** :

ગાંધીજીએ પ્રજા સમક્ષ ચાર મુદ્દાનો કાર્યક્રમ રજૂ કર્યો. જો આ ચાર મુદ્દાનું પાલન થાય તો "એક વર્ષમાં સ્વરાજ શક્ય બને." આ વાતની મોટી અસર થઈ. લોકો આંદોલનમાં સક્રિય રીતે જોડાવા લાગ્યા.

(૧) શાળા, કોલેજોનો બહિષ્કાર કરો.

(૨) સરકારી ખિતાબોનો બહિષ્કાર.

(૩) અદાલતો અને નોકરીઓનો બહિષ્કાર.

(૪) બ્રિટીશ માલનો બહિષ્કાર, જમીન મહેસૂલ, કરવેરા ના ભરશો.

આની સાથે ગાંધીજીએ ૧૧ મુદ્દાનો રચનાત્મક કાર્યક્રમ રજૂ કર્યો.

જેમાં બહેનોની ભૂમિકા મુખ્ય રહેવાની હતી. ખાદીનો પ્રચાર, કાંતણને ઉત્તેજન, દારૂબંધી, ગ્રામોધ્ધાર, ગ્રામીણ ઉદ્યોગ , હસ્તકલા, હેન્ડલૂમ ઉદ્યોગોને બહાલી આપવી, સ્ત્રી ઉધ્ધાર, હિંદુ-મુસ્લિમ એક્તા અને અસ્પૃશ્યતા નિવારણ વગેરે.

સુરતમાં જ્યોત્સનાબહેન શુકલ અને મીઠીબહેન પિટીટના નેતૃત્વ હેઠળ સ્ત્રી સંઘની સ્થાપના સપ્ટેમ્બર, ૧૯૨૪માં કરી અને પાયાના સ્ત્રી-કાર્યકરોની હરોળ તૈયાર કરી હતી.

❖ **બારડોલી સત્યાગ્રહ** :

૧૨, ફેબ્રુઆરી ૧૯૨૮ ના બારડોલી તાલુકાના ખેડૂતોએ સત્યાગ્રહનું હથિયાર ઉગામ્યું. સરદાર પટેલ આ આંદોલનનું નેતૃત્વ સ્વીકારવા તૈયાર થયા. જ્યારે ખેડૂતોએ ૫૦ ટકા બહેનોની હાજરી તેમજ તેમની સક્રિય ભાગીદારીની ખાતરી આપી હતી ત્યારે, આમ સ્ત્રીની પાત્રતા અને ભાગીદારીનું મહત્વ ગાંધીજીના આંદોલનમાં અકલપ્ય અને અકથ્ય હતું. બારડોલી લડતની શરૂઆતમાં સ્ત્રીઓએ પૂજા કરી, આદિવાસી સ્ત્રીઓએ ભક્તિગીતો ગાયાં અને નેતાઓને તિલક કર્યાં.

બારડોલી સત્યાગ્રહમાં વલ્લભભાઈના પુત્રી મણિબહેન, દરબાર ગોપાળદાસના પત્ની ભક્તિબા, ચંપકલાલ ધીયાના પત્ની ગુણવંતીબહેન, સુમંત મહેતાના પત્ની શારદાબહેન મહેતા, ગંગાબહેન, ચંચળબહેન, મીઠુબહેન પિટીટ વગેરે આવ્યા હતા. મુંબઈના સ્ટુડન્ટ્સ બ્રધરહૂડ તરફથી ત્રણ પારસી બહેનો ફેની, શિરીન અને જરબહેન આવ્યા હતા. આ બહેનો વિભાગીય વડા સાથે પણ કામ કરતી અને સ્થાનિક બહેનો સાથે અગત્યની સેતુંરૂપ કામ કરતી હતી. બારડોલી સત્યાગ્રહનું શ્રેય વલ્લભભાઈએ બહેનોને આપ્યું.[૫]

❖ **સવિનય કાનૂન ભંગમાં સ્ત્રીઓની ભૂમિકા** :

ગાંધીજીએ બ્રિટીશ સલ્તનત સામે સવિનય કાનૂન ભંગની લડત- દાંડીકૂચ અથવા મીઠાનો સત્યાગ્રહ ઉપાડ્યો. અમદાવાદના સાબરમતી આશ્રમથી નવસારીની દાંડી સુધીની યાત્રા હતી. જેમાં ગામડે-ગામડે સભા થતી, રાતવાસો થતા, ભજનો થતા, ગાંધીજીએ ૮૧ માણસોને જ દાંડીકૂચમાં આવવા માટે પસંદ કર્યા હતા. દાંડી આગળ મીઠું પકવવાનું હતું. અને મીઠાના કાયદાનો ભંગ કરવાનો હતો. ગાંધીજીને ખબર હતી કે ધરપકડ થશે. એટલે બહેનો રચનાત્મક કાર્યક્રમોમાં જોડાતી રહે અને ચુનંદા તેમના સાથીઓ ચપટી મીઠું પકડી જેલવાસ ના કરે તેવી ઈચ્છા હતી. એટલે ગાંધીજી બહેનો દાંડીયાત્રામાં જોડાય તેવું ઈચ્છતા ન હતા.

ઈ.સ. ૧૯૩૦ માં બહેનોએ ગાંધીજીથી જુદું મંતવ્ય રજૂ કર્યું અને દાંડીકૂચમાં ભાગ લેવા આગ્રહ સેવ્યો. જેમાં સરોજિની નાયડુ, અરૂણા અસફઅલીએ ગાંધીજીના નિર્ણયનો વિરોધ કર્યો. ગુજરાતી બહેનો આખા ગુજરાતમાંથી આવી. સૌરાષ્ટ્રથી દેવીબહેન પટણી, ઢસાથી ભક્તિબા, સુરતથી જ્યોત્સનાબહેન તેમની સ્વયંસેવક સંઘની બહેનો સાથે દાંડી આવ્યા. ‘ચેતન’ અને ‘પ્રતાપ’ દૈનિક છાપાઓમાં જ્યોત્સનાબહેને દાંડી ઉપર કાવ્યો રચ્યા. અમદાવાદથી ગંગાબહેન ઝવેરી, ગુણવંતીબહેન ધીયા વગેરે આવ્યા. તેમજ દાદાભાઈ નવરોજીના દોહિત્રી ખુરશીદબહેન નવરોજીનું ગુજરાત વિદ્યાપીઠમાં રહ્યા જેથી સાબરમતી આશ્રમમાંથી નીકળવાની દાંડીકૂચમાં ભાગ લઈ શકાય.[૬] દાંડી આખા હિંદનું લડતનું કેન્દ્ર બન્યું.

ગંગાબહેન ઝવેરી જેઓ સાબરમતી આશ્રમનાં અંતેવાસી હતા. તેઓ સમગ્ર કુટુંબ સાથે આવ્યા. તેમની સાથે બીજા ૩૦ કાર્યકરો હતા. તેઓ કસ્તૂરબા સાથે દાંડીની બાજુમાં આવેલા ઓલપાડ ગામના કેમ્પમાં જોડાયા. વડોદરાથી બદરૂદ્દીન તૈયબજીના કુટુંબની બહેનો દાંડીમાં આવી. બદરૂદ્દીન તૈયબજીના પત્ની અમીનાબહેન, દોહિત્રી શરીફા, હમીદ અલી, શુક્ફી ખદિજા, શ્રીમતી ફૈઝ તૈયબજી વગેરે લડતમાં ભાગ લેવા આવ્યા. તેઓએ ધરપકડ પણ વહોરી તેમજ જેલમાં પણ ગઈ. જેથી જેલનો ભય બહેનોમાંથી જતો રહ્યો.[૭]

❖ **હિંદ છોડો આંદોલનમાં સ્ત્રીઓ સહભાગી** :

ઈ.સ. ૧૯૪૨-માં હિંદ છોડો આંદોલનનું આયોજન સુવ્યવસ્થિત થતું હતું. “કરેંગે યા મરેંગે” ના નારા હેઠળ આંદોલન તીવ્ર ગતિએ શરૂ થયું. ગુજરાતમાં શાળા-કોલેજો બંધ થઈ. પોસ્ટ-ઓફિસ, સ્ટેશનો, રેલ્વે ઑફિસ પર હુમલા થયા. રેલ્વે કર્મચારી હડતાળ પર ગયા. સ્ત્રી-પુરુષો વિદ્યાર્થીઓ બધાં જ સક્રિય બન્યાં.

પ્રોફેસર ઉષા મહેતા જેવા સમાજવાદી સ્ત્રી કાર્યકરો ભૂગર્ભ પ્રવૃત્તિ ચલાવતા અને ખાનગીમાં રેડિયોના ટ્રાન્સમિટરથી દેશવાસીઓને સંદેશો પહોંચાડતા હતા. તેઓને સખત કેદની સજા પણ થઈ હતી. પરંતુ તેઓ બહાદુર સ્વતંત્રતા સેનાની હતા.

મૃદુલાબહેન સારાભાઈ પણ આ પ્રવૃત્તિમાં જોડાતા તેમને જેલ થઈ હતી. જેલમાંથી તેઓ સતત બહેનોને સંદેશો મોકલતા અને બહેનોમાં હિંમત રાખીને લડતમાં જોડાવાનો સંદેશો પાઠવતા.

❖ **સ્ત્રી-સંસ્થાઓનો ફાળો** :

ઈ.સ. ૧૯૩૪ માં ‘જ્યોતિસંઘ’ સંસ્થા મૃદુલાબહેને સ્થાપી હતી. તેમજ ઈ.સ. ૧૯૩૭ માં ‘વિકાસગૃહ’ મૃદુલાબહેન અને પુષ્પાબહેને સ્થાપી હતી. આ સંસ્થાની બહેનોએ સ્વતંત્રતાની લડતમાં ઝંપલાવ્યું હતું.

આ ઉપરાંત, ‘હિંદ સ્ત્રી મંડળ’ , ‘અખિલ હિંદ મહિલા પરિષદ’ , ‘ઓલ ઈન્ડિયા વિમેન્સ એસોસિએશન’ જેવી સંસ્થાઓ પણ ૧૯૪૨ના હિંદ છોડો આંદોલનમાં એકરસ થઈ હતી. તે સમયે પુરુષોની ધરપકડ, લાઠીચાર્જ,

ટીયરગેસથી ઘવાયેલાઓની સારવાર કરવી વગેરે અનેક કામો આ બહેનોની હરોળે ઉપાડેલા હતા. આમ, આ રીતે આઝાદીની લડતોમાં બહેનોનો ફાળો નાનોસૂનો ન હતો.[૯]

આમ, અત્યાર સુધી સ્ત્રી 'સહાનુભૂતિ' દાખવવા લાયક ગણાતી. ગાંધીજીએ તેને કાર્ય કરનારી, પરિણામ લાવનારી, ઉત્પાદક ઘટક બનાવી. તેની મુખ્ય ચર્ચામાં 'સ્ત્રી' મુખ્ય પાત્ર બની છે. ગાંધીજીએ ગામડાની સ્ત્રીઓને એકત્રિત કરીને કામની સોંપણી કરી. ત્યારે તે બહેનોએ કહ્યું......

"ગાંધીબાપુ, અમે તો અભણ-અબૂધ છીએ. અમે તમને શું કામ આવીશું ? ત્યારે ગાંધીજીએ કહ્યું, " મારે કેળવણીની જરૂર નથી. તમારામાં અખૂટ શક્તિ, શ્રધ્ધા, ખંત છે તેની મારે જરૂર છે."

આ રીતે ગાંધીજીએ 'સ્ત્રીશક્તિ' નો ખ્યાલ દેશને અને જગતને આપી નારીઓની અમાપ સુષુપ્ત શક્તિઓનો ખ્યાલ કરાવ્યો. સ્ત્રીઓને પોતાના વ્યક્તિત્વનું ઘડતર કરીને સમાજની દિશાસૂચક બની છે.

**સંદર્ભ સૂચિ**


૧.મહેતા શિરીન, 'ગુજરાતમાં નારી ચેતના, અમદાવાદ, પ્રથમ આવૃતિ, ૨૦૦૯, પૃ-૪૦૧

૨.ભટ્ટ દોલત, 'મુક્તિ સંગ્રામને મોરચે મહિલાઓ' , (માહિતી ખાતું), અમદાવાદ, ડિસેમ્બર ૧૯૯૭, પૃ-૯

૩.વ્યાશ રજની, 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ' , અમદાવાદ, પ્રથમ આવૃતિ, ૨૦૧૩, પૃ-૧૬૮

૪.મહેતા શિરીન, ઉપર્યુક્ત પુસ્તક પૃ-૪૧૦

૫.'ગુજરાત' , ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, (પ્રકાશક), અમદાવાદ, ચોથી આવૃતિ, ૨૦૧૩, પૃ-૫૩

૬.દવે રાજેન્દ્ર, 'વિશ્વ પ્રસિધ્ધ મહિલાઓ' , રાજકોટ, પ્રથમ આવૃતિ, ૧૯૯૯, પૃ-૩૮

૭.પારેખ હીરાલાલ ત્રિભુવનદાસ, 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન' , અમદાવાદ, ૧૯૩૫, પૃ-૧૫૩

૮.જોશી સતીશચંદ્ર, 'તપોભૂમિ ભક્તિબાનો સેવાયજ્ઞ, અમદાવાદ, ૧૯૮૨, પૃ-૧૬૭

૯.શાહ.આર.સી. 'અર્વાચીન ભારતનો ઈતિહાસ' , રાજપીપળા, પ્રથમ આવૃતિ, ૨૦૦૪, પૃ-૧૪૭

# કચ્છ જીલ્લાની બદલાતી પાકની તરાહ : એક વિશ્લેષણત્મક અભ્યાસ

7

સંશોધનકર્તા

ફાલ્ગુની અનિલભાઈ કતીરા

મુલાકાતી અધ્યાપક અર્થશાસ્ત્ર, રામજી રવજી લાલન કોલેજ ભૂજ.

• **સારાંશ:**

કચ્છ જીલ્લાની બદલાતી પાકની તરાહ: એક વિશ્લેષણાત્મક અભ્યાસ એ કચ્છની પાકની તરાહની સમજુતી આપે છે. સમય સમયે કચ્છની પાકની તરાહમાં કેવા પરિવર્તનો આવ્યા છે તેનો અભ્યાસ આ સંસોધનમાં કરવામાં આવેલ છે. આ સંસોધનમાં વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૧૬-૧૭ ના સમયગાળાને ધ્યાનમાં રાખીને પાક હેઠળનો વાવેતર વિસ્તાર, કુલ ઉત્પાદન અને કુલ ઉત્પાદકતાની આંકડાકીય માહિતીનો અભ્યાસ કરવામાં આવેલ છે.

સંશોધકે અહીં એ જાણવાનો પ્રયાસ કર્યો છે કે કચ્છ જીલ્લામાં વધારે પડતા કયા પાકોનું વાવેતર કરવામાં આવે છે તથા તેની ઉત્પાદકતાનું પ્રમાણ કેટલું છે. આ સંસોધન દ્વારા જાણવા મળ્યું છે કે કચ્છમાં પાકની તરાહમાં એરંડા, જીરૂ, ઘઉં, મગફળી, કપાસ, રાયડો, બાજરી, ઘાસચારાનું વાવેતર વધુ જોવા મળે છે.

•**પ્રસ્તાવના :-**

પાકની તરાહ એટલે કોઈ એક દેશમાં વિસ્તારમાં કે ગામમાં ચોક્કસ સમયગાળા દરમ્યાન જે તે પાક નીચે જમીન અને તેમાં થયેલો ફેરફાર. એટલે કે જે તે સમયગાળાના સંદર્ભે અન્ય સમયગાળામાં વિવિધ પાક નીચેની જમીનમાં આવેલા પરિવર્તનો. આ રીતે પાકની તરાહ કોઈ ચોક્કસ સમયના ગાળામાં વિવિધ પાકો નીચેનું વાવેતર વિસ્તાર દર્શાવે છે.

•**પાકની તરાહને અસર કરતા પરિબળો :-**

પાકની તરાહને નીચે મુજબના પરિબળો અસર કરે છે.

- ભૌગોલિક પરિબળો
- ઐતિહાસિક પરિબળો
- આર્થિક પરિબળો
- સરકારની નીતિ
- સામાજિક પરિબળો
- ટેકનીકલ પરિબળો

•**સંશોધન સમસ્યા:-**

કચ્છ જીલ્લાની બદલાતી પાકના તરાહનો અભ્યાસ એટલા માટે પસંદ કરવામાં આવ્યો છે કારણકે કચ્છએ એક સુકો પ્રદેશ ધરાવતો વિસ્તાર છે. જ્યાં સામાન્ય રીતે ખુબજ ઓછો વરસાદ પડે છે. અને ખાસ કરીને કૃષિક્ષેત્રે અમુક જ પાકોનું વાવેતર કરવામાં આવે છે. પરંતુ વર્તમાન સમયમાં કચ્છ જીલ્લામાં કૃષિક્ષેત્રે અનેક પરિવર્તનો જોવા મળ્યા છે. જેમાં ખાસ કરીને સંશોધકને એવું લાગ્યું છે કે પાકની તરાહમાં પણ પરિવર્તનો આવ્યા હશે.

•**સંશોધનના હેતુઓ:-**

- કચ્છ જીલ્લામાં પાકની તરાહનો અભ્યાસ કરવો.
- કચ્છ જીલ્લામાં સમય સમયે બદલાતી પાકની તરાહનો અભ્યાસ કરવો.
- કચ્છ જીલ્લામાં બદલાતી પાકની તરાહને કારણે કૃષિ ક્ષેત્રમાં આવેલા પરિવર્તનોનો અભ્યાસ કરવો.

•**અભ્યાસનો સમયગાળો:-**

આ સંશોધન પત્ર બે મહિનાના ટૂંકા સમયમાં પૂરું કરવામાં આવેલ છે.

•**માહિતીનું પ્રાપ્તિ સ્થાન:-**

આ સંશોધન પત્ર માટે ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે કચ્છની જીલ્લા પંચાયત દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવે છે.

•**અભ્યાસનું મહત્વ:-**

આ સંશોધન દ્વારા કચ્છ જીલ્લાની કૃષિક્ષેત્રની માહિતી મેળવવી સરળ થશે. કચ્છની ધરતી અને આબોહવા ગુજરાતના અન્ય પ્રદેશો કરતા અલગ હોવાને કારણે ખેતીક્ષેત્રે મુખ્યત્વે કયા પાકો લેવામાં આવે છે. તેની જાણકારી મેળવી શકાશે. તથા ખેડૂતોની આર્થિક પરિસ્થિતિમાં વખતો વખત કેવા ફેરફારો થયા છે. તેની સમજુતી મેળવી શકાશે.

•**અભ્યાસની મર્યાદા :-**

આ સંશોધનમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ છે. તથા સંશોધનનો સમયગાળો ખુબ જ ઓછો હોવાને કારણે સંશોધનમાં ત્રુટીઓ હોવાની શક્યતા છે.

•**માહિતીનું વિશ્લેષણ:-**

આ સંશોધન પત્રમાં માહિતીનું વિશ્લેષણ કોષ્ટક દ્વારા કરવામાં આવેલું છે.

•**ક્ષેત્ર પરિચય :-**

કચ્છ પ્રાચીન ભૂમિ છે. જેનો મહત્વનો પ્રાચીન ઈતિહાસ યુગ છે. ભૌગોલિક લાક્ષણિકતાઓ અને કાચબાને મળતા ભુપુષ્ઠ લક્ષણોને કારણે તેનું નામ કચ્છ પડ્યું. પ્રાચીન સાહિત્યમાં તેના નામનો ઉલ્લેખ છે. મલ્લીનાથીએ અમરકોષ પરના તેના ભાષ્યમાં સંજીવનીમાં તેની નીચાણમાં આવેલા ભેજ વાળા પ્રદેશ કે પડતર જમીન તરીકે વ્યાખ્યા કરી છે. કચ્છ જીલ્લો ૨૨.૪૪.૧૧ અંશથી ૨૪.૪૧.૨૫ અંશ ઉત્તર અક્ષાંસ અને ૬૮.૦૯.૪૬ અંશથી ૭૧.૫૪.૪૭ અંશ આસરે પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. તેની ઉતર અને વાયવ્યએ કચ્છનું રણ આવેલું છે અને રણ પૂરું થતાં પાકિસ્તાનનું સિંધ પ્રદેશ, ઈશાનમાં રાજસ્થાન, પૂર્વમાં બનાસકાંઠા અને રાજકોટ જીલ્લાનો માળિયા તાલુકો, દક્ષિણે કચ્છનો અખાત અને પશ્ચિમ નૈઋત્યમાં અરબી સમુદ્ર આવેલ છે.

કચ્છ જીલ્લાનો વિસ્તાર ૪૫, ૬૧૨ ચો.કિમી છે. જીલ્લાનો મુખ્ય મથક ભૂજ છે. અને જિલ્લો દશ તાલુકામાં વહેચાયેલો છે. કચ્છની વસ્તી ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૫,૮૩,૨૨૫ છે. જેમાં ગ્રામિણ વસ્તીનું પ્રમાણ ૧૧,૦૮,૨૦૩ છે. અને સાક્ષરતાનું પ્રમાણ ૫૯.૭૯% છે.

•**કચ્છમાં કૃષિક્ષેત્રનો પરિચય :-**

કચ્છ જીલ્લાની જમીનના મુખ્યત્વે ચાર વિભાગ પડી શકાય.

- કાંઠાની કાંપવાળી ફળદ્રુપ જમીન
- રેતાળ જમીન
- કાળી જમીન
- કાદવવાળી જમીન

જીલ્લાના બીજા ભાગોની સરખામણીમાં વાગડ વિસ્તારની જમીન ઘણી ફળદ્રુપ છે. એકંદરે જમીનની ભેજ સંગ્રહ શક્તિ ઘણી જ ઓછી છે. અવારનવાર વરસાદની અછત રહ્યા કરે છે. જેથી ઝાડ-પાન નો ઉછેર ઘણો જ મુશ્કેલ બને છે. સામાન્ય રીતે જમીન ખરીફ પાક માટે ઉપયોગી છે.

•**મુખ્ય પાકો :-**

કચ્છ જીલ્લામાં મુખ્યત્વે લેવાતા પાકો આ પ્રમાણે છે.

1.કપાસ
2.તલ
3.બાજરી
4.જુવાર
5.એરંડા
6.મગફળી
7.કઠોળ
8.ઇસબગુલ

•**માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ:-**

•અહી કચ્છ જીલ્લાની પાકની તરાહની માહિતીનું વિશ્લેષણ વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૧૬-૧૭ ના સંદર્ભમાં કરવામાં આવ્યું છે. જેમાં પડતર જમીન, જંગલો, પિયત વિસ્તાર, વાવેતર વિસ્તાર અને કયા પ્રકારના પાકનું વાવેતર કરવામાં આવેલ છે તેની માહિતી દર્શાવતા કોષ્ટક આપવામાં આવેલ છે.

•**કચ્છમાં ખેતીવાડીની માહિતી દર્શાવતું કોષ્ટક :- જમીનનો ઉપયોગ હેકટરમાં :-**

| જિલ્લો | એગ્રી.સેન્સસ ૨૦૧૧ અનુસાર | જંગલો | ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી જમીન | બિનખેતી વિષયક ઉપયોગમાં લેવાયેલ જમીન | ખેડી શકાય તેવી પડતર જમીન | કાયમી ગૌચરની અને ચરાણની જમીન | પ્રકીર્ણ વૃક્ષો અને ઝાડ હેઠળની જમીન | ચાલુ પડતર | અન્ય | ચોખ્ખો વાવેતર વિસ્તાર | એક કરતા વધુ વખત વાવેતર કરેલો વિસ્તાર | એકંદરે વાવેતર વિસ્તાર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કચ્છ | ૧૯૫૭૬૨૯ | ૩૦૬૭૭૦ | ૪૧૨૪૯૯ | ૫૮૩૫૪ | ૧૮૭૦૩૦ | ૭૦૦૫૮ | ૦ | ૫૭૪૧૦ | ૦ | ૫૫૮૩૯૨ | ૧૨૦૨૧૭ | ૬૭૮૬૦૯ |

પ્રાપ્તિ સ્થાન – જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જીલ્લા પંચાયત.

•**માહિતીનું વિશ્લેષણ:-**

ઉપરોક્ત કોષ્ટકમાં કચ્છ જીલ્લાની જમીનનો ઉપયોગ હેક્ટર દીઠ દર્શાવવામાં આવ્યું છે જેમાં એગ્રીકલ્ચર સેન્સસ ૨૦૧૧ અનુસાર ઉપયોગમાં લેવાતી જમીનનો પ્રમાણ ૧૯૫૭૬૨૯ છે. જેમાં જમીનનો ઉપયોગ અલગ અલગ વિસ્તાર દીઠ દર્શાવવામાં આવ્યું છે. જેમાં જંગલોનો પ્રમાણ ૩૦૬૭૭૦ છે. આમાંથી જમીનનો અમુક પ્રમાણ ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી જમીન છે જેનો પ્રમાણ ૪૧૨૪૯૯ છે. ત્યાર પછી બિનખેતી વિષયક ઉપયોગમાં લેવાયેલ જમીનનો પ્રમાણ ૫૮૩૫૪ છે. જયારે ખેડી શકાય તેવી પડતર જમીનનો પ્રમાણ ૧૮૭૦૩૦ છે. કાયમી ગૌચરની અને ચરાણની જમીનનો પ્રમાણ ૭૦૦૫૮ છે. તથા પ્રકીર્ણ વૃક્ષો અને ઝાડ હેઠળની જમીનનો પ્રમાણ શૂન્ય છે. બીજી અન્ય પ્રકારની જમીનનો પ્રમાણ પણ શૂન્ય દર્શાવવામાં આવ્યો છે. જયારે ચાલુ પડતર જમીનનો પ્રમાણ ૫૭૪૧૦ છે. ત્યારબાદ ચોખ્ખા વાવેતર વિસ્તારની જમીનનો પ્રમાણ ૫૫૮૩૯૨ છે. જે જમીન એક કરતા વધુ વખત વાવેતર થયેલ હોય તેવી જમીનનો વિસ્તાર ૧૨૦૨૧૭ છે અને જે જમીન એકંદરે વાવેતર વિસ્તાર દીઠ આવતી હોય તેવી જમીનનો વિસ્તાર ૬૭૮૬૦૯ જેટલો છે. તેથી એમ કહી શકાય કે જમીનના બીજા વિસ્તારની તુલનાએ સૌથી વધારે જે જમીનનો વિસ્તાર છે તે એકંદર વાવેતર વિસ્તારની જમીનનો છે.

•**૨૦૦૮-૦૯ માં ખરીફ મોસમનું જીલ્લાનું પાકવાર વાવેતર, ઉપજ અને ઉત્પાદનની વિગત દર્શાવતું કોષ્ટક :-**

| ક્રમ | પાકનું નામ | વાવેતર વિસ્તાર (હેકટરમાં) | અંદાજીત ઉપજ (કિ.હે.) | ઉત્પાદન (મે.ટન માં) |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૫૧૬૮૫ | ૯૦૦ | ૪૬૫૧૬ |
| ૨ | તલ | ૨૪૯૩૦ | ૪૦૦ | ૯૯૭૨ |
| ૩ | એરંડા | ૬૩૮૫૫ | ૧૧૦૦ | ૭૦૨૪૦ |
| ૪ | બાજરી | ૪૩૮૯૫ | ૮૦૦ | ૩૫૧૧૬ |
| ૫ | ગુવાર | ૫૦૯૦ | ૪૦૦ | ૨૦૩૬ |
| ૬ | મગ | ૬૬૩૩૦ | ૫૦૦ | ૩૩૧૬૫ |
| ૭ | કપાસ | ૬૭૫૦૦ | ૯૦૦ | ૨૭૦૦૦ |
| ૮ | મઠ | ૧૪૨૭૦ | ૪૦૦ | ૫૭૦૮ |

પ્રાપ્તિ સ્થાન – જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જીલ્લા પંચાયત.

•**માહિતીનું વિશ્લેષણ :-**

ઉપરોક્ત કોષ્ટકમાં કચ્છ જીલ્લાનું ૨૦૦૮-૦૯માં ખરીફ મોસમનું પાકવાર વાવેતર, ઉપજ અને ઉત્પાદનનો પ્રમાણ દર્શાવવામાં આવ્યો છે. જેમાં મગફળીના પાકનો વાવેતર વિસ્તાર ૫૧૬૮૫ હોય છે અને ઉપજ ૯૦૦ કિ.ગ્રામ હોય ત્યારે તેમાંથી થતો ઉત્પાદન ૪૬૫૧૬ મે.ટન જેટલો થાય છે. તેવી રીતે તલ નો વાવેતર વિસ્તાર ૨૪૯૩૦ ત્યારે તેની ઉપજ ૪૦૦ કિ.ગ્રામ હોય ત્યારે તેમાંથી થતો ઉત્પાદન ૯૯૭૨ મે.ટન જેટલો થાય છે. જયારે એરંડામાં પાકનો વાવેતર વિસ્તાર મગફળી અને તલ થી વધારે છે જેનો વિસ્તાર ૬૩૮૫૫ છે એટલે તેમાંથી ઉપજ પણ વધારે થાય છે જેનું પ્રમાણ ૧૧૦૦ કિ.ગ્રામ જેટલો છે અને તેમાંથી ઉત્પાદન ૭૦૨૪૦ મે.ટન જેટલો થાય છે એટલે બીજા પાકોની તુલનામાં કચ્છમાં એરંડાનો વાવેતર વિસ્તાર વધારે છે. તે જ રીતે બાજરીનો વાવેતર વિસ્તાર ૪૩૮૯૫ છે જેમાંથી તેની ઉપજ ૮૦૦ કિ.ગ્રામ જેટલી થાય છે અને તેનું ઉત્પાદન ૩૫૧૧૬ થાય છે. કપાસનો વાવેતર વિસ્તાર આપણે જોઈએ તો ૬૭૫૦૦ છે તો તેની ઉપજ ૪૦૦ કિ.ગ્રામ જેટલી હોય ત્યારે તેનો ઉત્પાદન ૨૭૦૦૦ જેટલો થાય છે. ગુવાર,મગ અને મઠ ની ઉપજ એકસરખી છે જે ૪૦૦ કિ.ગ્રામ તેનો દરેક નો વાવેતર વિસ્તાર અલગ અલગ છે જેમાંથી સૌથી વધારે ઉત્પાદન મગનો થાય છે જેનો પ્રમાણ ૩૩૧૬૫ મે.ટન જેટલો છે.

કચ્છમાં ખરીફ પાકમાં સૌથી વધારે ઉત્પાદન એરંડાનો થાય છે અન્ય પાકોની તુલનામાં.

•**૨૦૦૮-૦૯માં રવિ ઋતુનું જીલ્લાનું પાકવાર વાવેતર, ઉપજ અને ઉત્પાદનની વિગત દર્શાવતું કોષ્ટક :-**

| ક્રમ | પાકનું નામ | વાવેતર વિસ્તાર (હેકટરમાં) | અંદાજીત ઉપજ (કિ.હે.) | ઉત્પાદન (મે.ટનમાં) |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૨૦૦૭૫ | ૩૦૮૦ | ૬૧૮૩૧ |
| ૨ | રાયડો | ૮૦૯૦ | ૧૧૩૦ | ૯૧૪૧૭ |
| ૩ | જીરૂ | ૭૭૭૧ | ૪૭૦ | ૩૬૫૨૩ |
| ૪ | ડુંગળી | ૯૩૧ | ૨૩૦૦૦ | ૨૧૪૧૩ |
| ૫ | લસણ | ૪૫૫ | ૫૮૦૦ | ૨૬૩૯ |
| ૬ | ઇસબગુલ | ૩૩૧૦ | ૬૭૫ | ૨૨૩૪ |

પ્રાપ્તિ સ્થાન – જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જીલ્લા પંચાયત.

•**માહિતીનું વિશ્લેષણ :-**

ઉપરોક્ત કોષ્ટકમાં કચ્છ જીલ્લાનું ૨૦૦૮-૦૯માં રવિ ઋતુનું પાકવાર વાવેતર, ઉપજ અને ઉત્પાદનનો પ્રમાણ દર્શાવવામાં આવ્યો છે. જેમાં અન્ય પાકોની તુલનામાં રાયડાના ઉત્પાદન સૌથી વધારે થાય છે જેનો પ્રમાણ ૯૧૪૧૭ મે.ટન જેટલો છે. અને તેનો વાવેતર વિસ્તાર ૮૦૯૦ છે તેની ઉપજ ૧૧૩૦ કિ.ગ્રામ જેટલી છે. ત્યાર બાદ ઘઉંનો વાવેતર ૨૦૦૭૫ છે. જેની ઉપજ ૩૦૮૦ અને તેમાંથી તેનો ઉત્પાદન ૬૧૮૩૧ મે.ટન જેટલો થાય છે. જયારે જીરૂ અને ઈસબગુલનું આપણે જોઈએ તો જીરૂનું વાવેતર વિસ્તાર વધારે છે જેનો પ્રમાણ ૭૭૭૧ છે ત્યારે તેનું ઉત્પાદન ૩૬૫૨૩ મે.ટન જેટલો થાય છે જેની તુલનામાં

ઇસબગુલનો વાવેતર વિસ્તાર ૩૩૧૦ છે તો તેનો ઉત્પાદન ૨૨૩૪ મે. ટન જેટલો થાય છે. ડુંગળી અને લસણ ની તુલના કરીએ તો લસણનો ઉત્પાદન ડુંગળી કરતા ઓછો થાય છે જેમાં ડુંગળીનો વાવેતર વિસ્તાર ૯૩૧ છે ત્યારે તની ઉપજ ૨૩૦૦૦ કિ.ગ્રામ હોય છે ત્યારે તેમાંથી ઉત્પાદન ૨૧૪૧૩ મે. ટન જેટલો થાય છે.

કચ્છ જીલ્લામાં રવિ પાકોમાં સૌથી વધારે રાયડાનો ઉત્પાદન થાય છે.

• **ખેતીવાડી: મુખ્ય પાકો હેઠળ વિસ્તાર અને ઉત્પાદન (૨૦૧૬-૧૭)**

| ક્રમ | પાકનું નામ | વાવેતર વિસ્તાર (હેકટરમાં) | સિંચાઈ વિસ્તાર (હેકટરમાં) | ઉત્પાદન (મે. ટન) | હેક્ટર દીઠ ઉત્પાદન (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| ૧. | અનાજ | | | | |
| 1 | ચોખા | ૦ | ૦ | ૦ | ૦ |
| 2 | ઘઉં | ૨૦૮૭૧ | ૨૦૮૭૧ | ૬૨૩ | ૨૯૮૫ |
| 3 | જુવાર | ૨૬૪૩૫ | ૨૬૪૩૫ | ૦ | ૦ |
| 4 | બાજરી | ૧૮૭૮૪ | ૫૦૦ | ૨૩૦ | ૧૨૨૨ |
| 5 | મકાઈ | ૩૨ | ૩૨ | ૦ | ૦ |
| 6 | અન્ય ધાન્ય (અડદ,મઠ,ગુવાર) | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ અનાજ(૧.૧ થી ૧.૬) | ૬૬૧૨૨ | ૪૭૮૩૮ | ૮૫૩ | ૪૨૦૭ |
| ૨. | કઠોળ | | | | |
| 1 | મગ | ૭૪૦૧૮ | ૪૦૦ | ૩૧૨ | ૪૨૧ |
| 2 | તુવેર | ૬૩૭ | ૬૩૭ | ૬ | ૧૦૦૦ |
| 3 | ચણા | ૮૧ | ૮૧ | ૧ | ૧૦૭૭ |
| 4 | અન્ય કઠોળ (અડદ,મઠ,ગુવાર) | ૧૦૮૨૫૫ | ૦ | ૪૫૫ | ૪૨૧ |
| | કુલ કઠોળ (૨.૧ થી ૨.૪) | ૧૮૨૯૯૧ | ૧૧૧૮ | ૭૭૪ | ૨૯૧૯ |
| 3.1 | શેરડી | ૪૫ | ૪૫ | ૩ | ૬૫૦૦ |
| 2 | મરીમસાલા (જીરૂ,ધાણા,વરિયાળી,અજમો) | ૩૨૪૮૧ | ૩૨૪૮૧ | ૧૯૧ | ૫૯૦ |
| 3 | ફળો | ૩૮૭૬૭ | ૩૮૭૬૭ | ૭૨૪૭ | ૧૮૭ |
| 4 | શાકભાજી | ૬૪૨૯ | ૬૪૨૯ | ૧૦૫૯ | ૧૬૪૭૫ |
| 5 | અન્ય (મીંઢીઆવળ) | ૩૨૫૩ | ૦ | ૦ | ૦ |
| | કુલ (૩.૧ થી ૩.૫) | ૮૦૯૭૫ | ૭૭૭૨૨ | ૮૫૦૦ | ૨૩૭૫૨ |
| | કુલ ખાધ પાકો (૧+૨+૩) | ૩૩૦૦૮૮ | ૧૨૬૬૭૮ | ૧૦૧૨૭ | ૩૦૮૭૮ |
| ૪. | અખાધ પાકો | | | | |
| 1 | કપાસ | ૪૪૫૫૯ | ૪૦૦૦૦ | ૧૦૪૧ | ૨૩૩૮ |
| 2 | અન્ય | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ રેસાવાળા પાકો (૪.૧ થી ૪.૨) | ૪૪૫૫૯ | ૪૦૦૦૦ | ૧૦૪૧ | ૨૩૩૮ |
| ૫. | ખાધ તેલીબિયાં | | | | |
| 1 | મગફળી | ૪૬૯૩૫ | ૩૨૦૦૦ | ૮૮૨ | ૧૮૮૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2 | તલ | ૪૮૩૮૪ | ૨૮૦૦ | ૨૯૧ | ૬૦૩ |
| 3 | અન્ય | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ ખાધ તેલીબિયાં (૫.૧ થી ૫.૩) | ૯૫૩૧૯ | ૩૪૮૦૦ | ૧૧૭૩ | ૨૪૮૩ |
| ૬. | અખાધ તેલીબિયાં | | | | |
| 1 | એરંડા | ૮૭૬૪૫ | ૩૦૦૦૦ | ૧૮૩૬ | ૨૦૯૫ |
| 2 | અન્ય | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ અખાધ તેલીબિયાં (૬.૧ થી ૬.૨) | ૮૭૬૪૫ | ૩૦૦૦૦ | ૧૮૩૬ | ૨૦૯૫ |
| | કુલ તેલીબિયાં (૫+૬) | ૧૮૨૯૬૪ | ૬૪૮૦૦ | ૩૦૦૯ | ૪૫૭૮ |
| ૭. | અન્ય અખાધ પાકો | | | | |
| 1 | કેફી અને માદક પાકો | ૦ | ૦ | ૦ | ૦ |
| 2 | ઘાસચારો | ૧૦૫૬૭૪ | ૧૮૦૦૦ | ૦ | ૦ |
| 3 | અન્ય | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ અન્ય અખાધ પાકો (૭.૧ થી ૭.૩) | ૧૦૫૬૭૪ | ૧૮૦૦૦ | ૦ | ૦ |
| | વાવેતરનો સરવાળો | ૬૬૩૨૮૫ | ૨૪૯૪૭૮ | ૧૪૧૭૭ | ૩૭૭૯૪ |

પ્રાપ્તિ સ્થાન – જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જીલ્લા પંચાયત.

• **માહિતીનું વિશ્લેષણ :-**

ઉપરોક્ત કોષ્ટકમાં અનાજનું ઉત્પાદન વર્ષ ૨૦૧૬-૧૭માં જોઈએ તો ચોખાનું વાવેતર શૂન્ય છે જેનો અર્થ એ થાય કે કચ્છમાં ચોખાનો પાક લેવામાં આવતો નથી. ઘઉંનું વાવેતર વિસ્તાર જોઈએ તો ૨૦૮૭૧ હેકટરમાં વાવણી કરવામાં આવેલી જેમાં ૬૨૩ મે. ટન ઉત્પાદન થયેલું અને હેકટર દીઠ ઉત્પાદન ૨૯૮૫ હતું. જુવારનું વાવેતર વિસ્તાર ૨૬૪૩૫ હેકટર હતું. બાજરીનો વાવેતર વિસ્તાર ૧૮૭૮૪ હેક્ટર હતો અને તેમાં ૨૩૦ મે.ટન ઉત્પાદન થયેલું અને હેક્ટર દીઠ ઉત્પાદન ૧૨૨૨ કિ. ગ્રામ હતો. કુલ અનાજનો વાવેતર વિસ્તાર ૬૬૧૨૨ હેક્ટર હતું. જેના દ્વારા ૮૫૩ મે.ટન ઉત્પાદન થયેલું અને હેક્ટર દીઠ ઉત્પાદકતા ૪૨૦૭ કિ.ગ્રામ હતું.

કઠોળની સ્થિતિ જોઈએ તો કચ્છમાં મગ,તુવેર,ચણા અને અન્ય કઠોળનું વાવેતર વિસ્તાર ૧૮૨૯૯૧ હેકટરમાં કરેલું જેમાંથી ૭૭૪ મે.ટન ઉત્પાદન મળેલું અને હેક્ટર દીઠ ઉત્પાદકતા ૨૯૧૯ કિ.ગ્રામ હતી.

કચ્છમાં શેરડી,મરી મસાલા,ફળ,શાકભાજી અને મીંઢીયાવળ વગેરેનું વાવેતર વિસ્તાર ૮૦૯૭૫ હેકટર હતું જેના દ્વારા ૮૫૦૦ મે.ટન ઉત્પાદન મળેલું અને હેક્ટર દીઠ ઉત્પાદકતા ૨૩૭૫૨ કિ.ગ્રામ હતી.

અખાદ્ય પાકોનો સ્થિતિ જોઈએ તો કપાસ,અન્ય પાકો અને રેસાવાળા પાકોનું વાવેતર વિસ્તાર ૪૪૫૫૯ હતું જેના દ્વારા ૧૦૪૧ મે.ટન ઉત્પાદન પ્રાપ્ત થયેલ અને હેક્ટર દીઠ ઉત્પાદકતા ૨૩૩૮ કિ.ગ્રામ હતી.

ખાદ્ય તેલેબીયાની સ્થિતિ જોઈએ તો મગફળી અને તલનું વાવેતર વિસ્તાર ૯૫૩૧૯ હેકટર હતો. જેમાંથી ૧૧૭૩ મે.ટન ઉત્પાદન પ્રાપ્ત થયેલ અને હેક્ટર દીઠ ઉત્પાદકતા ૨૪૮૩ કિ.ગ્રામ હતી.

અખાદ્ય તેલીબિયાની સ્થિતિ જોઈએ તો એરંડાનો વાવેતર વિસ્તાર જોઈએ તો ૮૭૬૪૫ હેક્ટર હતું. જેમાંથી ૧૮૩૬ મે.ટન ઉત્પાદન પ્રાપ્ત થયું અને હેક્ટર દીઠ ઉત્પાદકત ૨૦૯૫ કિ.ગ્રામ હતી.

કચ્છમાં ઘાસચારા હેઠળનો વાવેતર વિસ્તાર ૧૦૫૬૭૪ હેક્ટર હતો.

કુલ વાવેતરની દ્રષ્ટીએ જોઈએ તો કચ્છમાં ૨૬૩૨૮૫ હેકટરમાં વાવેતર કરવામાં આવેલું. અને ૧૪૧૭૭ કુલ મે.ટન ઉત્પાદન પ્રાપ્ત થયેલું અને હેક્ટર કુલ ઉત્પાદકતા ૩૭૭૯૪ કિ.ગ્રામ હતી.

•**તારણો :-**

1.૨૦૦૮-૦૯માં ખરીફ પાકમાં સૌથી વધુ વાવેતર એરંડામાં કરવામાં આવેલું. જેનો વાવેતર વિસ્તાર ૬૩૮૫૫ હેક્ટર હતો અને ૭૦૨૪૦ મે.ટન ઉત્પાદન થયેલું જયારે ૨૦૧૬-૧૭માં એરંડાનું વાવેતર વિસ્તાર ૮૭૬૪૫ હેક્ટર હતો. અને ઉત્પાદન ૧૮૩૬ મે.ટન હતું આ પરથી સ્પષ્ટ થાય છે કે ખેડૂતો એરંડાના પાક તરફ વધારે આકર્ષિત થયા છે. એરંડાના ઉત્પાદન અને ઉત્પાદકતા તથા ભાવ વધુ હોવાને કારણે પણ ખેડૂતો એરંડાના પાક તરફ વળ્યા છે.

2.૨૦૦૮-૦૯માં ખરીફ પાકમાં એરંડા પછી સૌથી વધુ વાવેતર વિસ્તાર મગફળીનો હતો. જેનો વાવેતર વિસ્તાર ૫૧૬૮૫ હેકટરમાં હતું. અને ૪૬૫૧૬ મે.ટન ઉત્પાદન હતું. ૨૦૧૬-૧૭માં ૪૬૯૩૫ હેકટરમાં વાવેતર થયેલું અને ૮૮૨ મે.ટન ઉત્પાદન થયેલું અહી મગફળીની ઉત્પાદકતામાં વૃદ્ધિ થવાથી ખેડૂતો મગફળીનું વાવેતર કરે છે.

3.૨૦૦૮-૦૯માં રવિ પાકમાં રાયડાનો વાવેતર વિસ્તાર ૮૦૯૦ હેક્ટર હતું. અને ઉત્પાદન ૯૧૪૧૭ મે.ટન હતું. અહી રાયડાની ઉત્પાદકતા ૧૧૩૦ હતી તેથી તેનું વાવેતર વધારે જોવા મળેલ છે.

4.૨૦૦૮-૦૯ના રવિ પાકમાં ઘઉંનો વાવેતર વિસ્તાર ૨૦૦૭૫ હેક્ટર હતું અને ઉત્પાદન ૬૧૮૩૧ મે.ટન હતું. ૨૦૧૬-૧૭માં ઘઉંનો વાવેતર વિસ્તાર ૨૦૮૭૧ હેક્ટર હતો અને ઉત્પાદન ૬૨૩ મે.ટન હતું. અહી ઘઉંના ઉત્પાદનમાં ઘટાડો થયેલ છે

5.કચ્છમાં મુખ્યત્વે પાકની તરાહ જોઈએ તો ઘઉં, એરંડા, મગફળી, જીરૂ, રાયડો, તલ, બાજરી, જુવાર, મગ, તુવેર, કપાસ અને ઘાસચારાનું ઉત્પાદન વધારે જોવા મળે છે.

•**સંદર્ભસૂચી :-**

1.આંકડાકીય માહિતી કચ્છ જીલ્લા પંચાયત વેબસાઈટમાંથી

2.ભારતીય અર્થવ્યવસ્થા: રુદ્રદત્ત અને કે.પી.એમ.સુન્દરમ

3.કચ્છ સંસોધનની પાંખે: તુષાર હાથી

8

# જળવાયું પરિવર્તન અને કૃષિક્ષેત્ર

(કચ્છ જીલ્લાના સંદર્ભે)

**ડૉ. સી.એસ.ઝાલા**

**આર.આર.લાલન કોલેજ ભુજ**

સારાંશ-

આધુનિક યુગમાં ખેતીક્ષેત્ર સાથો સાથ ઔધોગિક અને સેવાક્ષેત્રનો વિકાસ ઝડપી બન્યો છે. તેમજ ખેતીક્ષેત્રે પણ પરંપરાગત ઘટકોનું સ્થાન આધુનિક ઘટકોએ મેળવી લીધું છે. ત્યારે પર્યાવરણીય પ્રશ્નો અને ખેતી તેમજ પર્યાવરણ વચ્ચેનો પરસ્પપરાવલંબન તેમજ પુરાકાતાનો સંબધ પણ બદલાયો છે. પર્યાવરણ અને ખેતીક્ષેત્રે જે આધુનિક સમય પહેલા એક બીજાના પુરક હતા તે સંબંધ આજે કદાચ જોવા મળતો નથી. આધુનિક સમયમાં ઉભા થયેલા પર્યાવરણીય પ્રશ્નોની અસર વ્યાપક રીતે કૃષિક્ષેત્ર ઉપર જોવા મળી રહી છે અને તેની તીવ્રતામાં સતત વધારો થઈ રહ્યો છે.

કચ્છ જિલ્લામાં જળવાયું પરિવર્તનની અસર ગુજરાતના અન્ય વિસ્તારના સંદર્ભે સવિશેષ જોવા મળેછે. ત્યારે જળવાયું પરિવર્તનની અસર કચ્છ જીલ્લાના કૃષિક્ષેત્ર ઉપર શું  હોય શકે છે તેના ઉપર પ્રકાશ પાડવા માટે આ સંશોધન અભ્યાસ કરવામાં આવ્યો છે. જે ગૌણ માહિતી ઉપર અધારી છે. જેમાં કચ્છ જિલ્લામાં જળવાયું પરિવર્તનની સ્થિતિ અને તેની તીવ્રતાને જાણીને આગામી સમયમાં કૃષિ ક્ષેત્રે તેની શું અસર થઈ શકે તેમ છે. તેની રજૂઆત કરવામાં આવી છે.

❖ પ્રસ્તાવના

પ્રાચિન સમયથી ખેતીક્ષેત્ર અને પર્યાવરણ વચ્ચે સાનુકુળ સંબંધો રહ્યા છે. કારણ કે ખેતી ક્ષેત્ર પર્યાવરણના પોષક તરીકે કાર્ય કરતું હતું અને પર્યાવરણ પણ કૃષિક્ષેત્રના વિકાસ માટે મહત્વની ભુમિકા ભજવાતું હતું. આ રીતે પ્રાચિન સમયમાં પ્રયાવરણ અને ખેતીક્ષેત્રનું પરસ્પપરવાલંબન હતું અને બંને ક્ષેત્રો એક બીજાને પુરક હતા તેમ કહી શકાય.

આધુનિક યુગમાં ખેતીક્ષેત્ર સાથો સાથ ઔધોગિક અને સેવાક્ષેત્રનો વિકાસ ઝડપી બન્યો છે. તેમજ ખેતીક્ષેત્રે પણ પરંપરાગત ઘટકોનું સ્થાન આધુનિક ઘટકોએ મેળવી લીધું છે. ત્યારે પર્યાવરણીય પ્રશ્નો અને ખેતી તેમજ પર્યાવરણ વચ્ચેનો પરસ્પપરાવલંબન તેમજ પુરાકાતાનો સંબધ પણ બદલાયો છે. પર્યાવરણ અને ખેતીક્ષેત્રે જે આધુનિક સમય પહેલા એક બીજાના પુરક હતા તે સંબંધ આજે કદાચ જોવા મળતો નથી. આધુનિક સમયમાં ઉભા થયેલા પર્યાવરણીય પ્રશ્નોની અસર વ્યાપક રીતે કૃષિક્ષેત્ર ઉપર જોવા મળી રહી છે અને તેની તીવ્રતામાં સતત વધારો થઈ રહ્યો છે.

❖સમસ્યા કથન ;-

બદલાતા જળવાયું પરિવર્તનની વ્યાપક અસર ખેતીક્ષેત્ર ઉપર થઈ રહી છે. કારણ કે ખેતીક્ષેત્ર એવી કેટલીક વિશિષ્ટતા ધરાવે છે કે પર્યાવરણ સાથેનો તેનો સંબંધ અન્ય ક્ષેત્રો (ઉદ્યોગ અને સેવા)ની તુલનામાં વધું વ્યાપક અને ગહન હોય છે. કારણ કે ખેતીક્ષેત્રના ઉત્પાદનના મુખ્ય ઘટકો જમીન,વાતાવરણ,ભેજ,હવા,વરસાદ,ઠંડી,ગરમી વગેરે ઉપર સવિશેષ આધાર રાખે છે. આ સ્થિતિમાં જયારે જળવાયું પરિવર્તન દ્વારા ઉપરોક્ત ઘટકોમાં ફેરફાર થાય છે ત્યારે સ્વાભાવિક રીતે જ ખેતીક્ષેત્ર ઉપર તેની સવિશેષ અસર જોવા મળશે અને આ અસર એટલી વ્યાપક અને તીવ્ર છે કે જેને કારણે ખેતીક્ષેત્રના મહત્વના ઘટકો ઉત્પાદન,ઉત્પાદકતા,પાકતરેહ,ઉત્પાદન ખર્ચ,આવક વગેરે ઉપર તેની વ્યાપક અસરો ઉભી થાય છે. ત્યારે જળવાયું પરિવર્તનની કૃષિક્ષેત્ર ઉપરની સંભવિત અસરને કચ્છ જીલ્લાના સંદર્ભે જાણવા માટે પ્રયાસ એ આ સંશોધન પેપરમાં કર્યો છે.

❖ સંશોધન અભ્યાસના હેતુઓ ;-

(૧) કચ્છ જિલ્લામાં જળવાયું પરિવર્તનની સ્થિતિ જાણવી.

(૨) કચ્છ જિલ્લામાં જળવાયું પરિવર્તનની કૃષિક્ષેત્ર ઉપર થનાર સંભવિત અસર જાણવી.

❖ અભ્યાસનું કાર્યક્ષેત્ર ;-

કચ્છ જીલ્લો સમગ્ર ભારતમાં એક વિશિષ્ટ ભૌગોલિક સ્થાન ધરાવે છે. એકી સાથે સમુદ્ર વિસ્તાર,રણ વિસ્તાર,ડુંગરાળ પ્રદેશ વગેરે ધરાવતો કદાચ ભારતનો આ એક માત્ર જીલ્લો છે. કચ્છ જીલ્લાનો કુલ વિસ્તાર ૪૫૬૫૨ ચોરસ કિલોમીટરનો છે. કચ્છ જીલ્લાની કુલ ૧૯૫૭૬૨૯ હેક્ટર જમીનમાંથી ૩૦૬૭૭૦ હેક્ટરમાં જંગલો તેમજ ૪૧૨૪૯૯ હેક્ટરમાં રણ વિસ્તાર છે. જયારે ચોખ્ખો વાવેતર વિસ્તાર ૫૫૮૩૯૨ હેક્ટરનો છે. કચ્છ જીલ્લાના મુખ્ય પાકોમાં મગફળી,બાજરી,તલ, કઠોળ, દિવેલા એ બાગાયતી પાકો મુખ્ય છે. જયારે ૨૩૫૬૫૮ નોંધાયેલ ખેડૂતો છે.

❖ અભ્યાસનો સમયગાળો ;-

આ અભ્યાસ પેપરમાં મુખ્યત્વે જળવાયું પરિવર્તનની કૃષિક્ષેત્ર ઉપરની અસરોને ધ્યાને લેવા માટે મુખ્યત્વે ૨૦૦૧ થી ૨૦૧૬ સુધીના વર્ષોને ધ્યાને લેવામાં આવ્યા છે.

❖ માહિતીના પ્રાપ્તિ સ્થાનો ;-

અભ્યાસ માટે જરૂરી માહિતી તેમજ આંકડાઓ માટે મુખ્યત્વે ગૌણ માહિતી ઉપર આધાર રાખવામાં આવ્યો છે. જેમાં મુખ્યત્વે કચ્છ જીલ્લા પંચાયતની આંકડાકીય રૂપરેખા,ડિઝાસ્ટર મેનેજમેન્ટ રીપોર્ટને આધારે કચ્છ જીલ્લામાં જળવાયું પરિવર્તનની ખેતીક્ષેત્ર ઉપરની અસરો માટે જરૂરી આંકડાઓ મેળવવામાં આવ્યા છે. આ ઉપરાંત ઉપરોક્ત સંશોધન ક્ષેત્ર સાથે સંકળાયેલા અન્ય સંશોધન અભ્યાસોના તારણો તેમજ સૂચનોને પણ ધ્યાને લેવામાં આવ્યા છે. ખેતીક્ષેત્ર ઉપરની વર્તમાન અને ભવિષ્યની

અસરને જાણવા માટે ખેડૂતો,તજજ્ઞો તેમજ ખેતીક્ષેત્રના જુદા જુદા ક્ષેત્રો સાથે જોડાયેલ વ્યક્તિઓના અભિપ્રાયો સુચનોને ધ્યાને લેવામાં આવ્યા છે.

❖ સંદર્ભ સાહિત્ય સમિક્ષા ;-

(૧) એસ.એમ.સ્વામીનાથન અને રંગાલક્ષ્મી (જાન્યુ-૧૬) એ પોતાના સંશોધન પેપર "ભારતીય કૃષિક્ષેત્ર ઉપર હવામાનની અસર"માં જણાવ્યું છે કે જળવાયું પરિવર્તન અને હવામાનમાં આવી રહેલ તીવ્ર ફેરફારોની અસર ખાધ સુરક્ષા,ખેડૂતોનું જીવન ધોરણ,ઉત્પાદન પર શું પડશે અને તેને કારણે ભવિષ્યમાં ઉભી થનાર અસરો ઉપરની ચર્ચા કરવામાં આવી છે.

(૨) વી.યુ.એમ.રાઓ અને બાપુજી રાઓ ૨૦૧૬ :- એ "દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં પાક તરેહની પદ્ધતિ" નામના પોતાના સંશોધન અભ્યાસમાં જણાવ્યું છે કે ભારતમાં અખાધ્યન પાકોમાં દુષ્કાળગ્રસ્ત વિસ્તારોનો ફાળો ૫૨% છે. જયારે ખાધ્ય પાકોમાં આ વિસ્તારનો ફાળો ૪૨% છે. તેથી જયારે મૌસમમાં આવતા પરિવર્તનને કારણે સમગ્ર સામાજિક વ્યવસ્થા ઉપર તેની વ્યાપક અસર ઉભી થાય છે.

(3) એસ.બી.યાદવ,એચ.આર.પટેલ,એસ.કે.મિશ્રા (જાન્યુ-૨૦૧૭) : એ પોતાના સંશોધન પત્ર "મધ્ય ગુજરાતમાં મગફળીના પાકમાં જળવાયું પરિવર્તનની અસર" માં જણાવ્યું છે કે ગુજરાતમાં ૨૦૦૮થી ૨૦૧૧ દરમિયાન મૌસમી સ્થિતિમાં પરિવર્તન જોવા મળ્યું છે. તેવો એ ૧૯૬૧-૧૯૯૯ આ આંકડાઓને આધાર તરીકે સ્વીકારી વરસાદમાં ૧૩.૭% વધારો નોંધાયો છે. જયારે તાપમાન ૧૯.૧ અને ૨૯.૮ના આધાર સામે ક્રમશ ૩.૬ તથા ૫.૧ વધું રહ્યું છે. જેને કારણે મગફળીના ઉત્પાદનમાં તેના આધાર (૧૯૬૧-૧૯૯૯)ની તુલનામાં ૨૧ થી ૩૧ % જેટલો ઉત્પાદનમાં ઘટાડો થયો છે.

(૪) જયવંત સરકાર અને જે.આર.ચીચોલકર (ઓકટો-૧૭) :- "સૌરાષ્ટ્રમાં જળવાયું પરિવર્તનની સંભવિત અસરો"માં જણાવે છે કે એકવિશમી સદીમાં જળવાયું પરિવર્તન એ સૌથી મોટી સમસ્યા છે. તેવોના માટે વરસાદ અને અન્ય મૌસમી ઘટનાઓમાં મોટા ફેરફાર થવાની સંભંવના છે. તેવોના સંશોધન અભ્યાસ પ્રમાણે સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૨૦૧૧ થી ૨૦૩૦ના વર્ષો દરમિયાન વરસાદમાં ૨% નો વધારો થશે. જયારે મહત્તમ તાપમાનમાં ૦.૫ નો વધારો થશે. જયારે ન્યુનતમ તાપમાનમાં ૦.૮ નો ઘટાડો નોંધાશે.

(૫) કચ્છ ડિઝાસ્ટર પ્લાન (૨૦૧૭-૧૮) :- કચ્છ ડિઝાસ્ટર પ્લાનમાં કચ્છમાં આવનાર સંભવિત આપત્તિઓની ચર્ચા કરવામાં આવી છે. જેમાં કુદરતી આપત્તિ અને મૌસમ સંબંધી આપત્તિઓની જુદી જુદી કેટગરીમાં કચ્છને ઊંચા લેવલમાં સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. જેથી કચ્છમાં જળવાયું પરિવર્તનને કારણે થનાર સંભવિત અસરનું પરિણામ ઊંચું હોઈ શકે છે.

ઉપરોક્ત સંશોધન અભ્યાસોનો સારાંશ એ છે કે જળવાયું પરિવર્તનની વ્યાપક અસર ખેતીક્ષેત્ર ઉપર પડી શકે તેમ છે.

❖ કચ્છ જિલ્લામાં જળવાયું પરિવર્તનની સ્થિતિ ;-

(૧) વરસાદ :- કચ્છ જીલ્લામાં થતા સરેરાશ વરસાદના છેલ્લા સરેરાશ વરસાદના દિવસો વર્ષ દરમિયાન ૨૦ થી ૨૫ના જોવા મળે છે. વરસાદના ૧૫ વર્ષના આંકડા તપાસતા તેમાં ખુબ જ અસમાનતા જોવા મળે છે. વર્ષ ૨૦૧૦માં માંડવીમાં ૧૭૦૧ મિલી.લીટર વરસાદ નોંધાયો હતો. જયારે ૧૯૯૯માં નખત્રાણામાં માત્ર ૧૦ મિલીલીટર વરસાદ નોંધાયો હતો.

(૨) તાપમાન :- કચ્છ જીલ્લાની આબોહવા ખુબ જ વિષમતા ધરાવે છે. છેલ્લા ૧૫ વર્ષમાં નોંધાયેલ તાપમાનને તપાસતા જોઈ શકાય છે કે મહત્તમ તાપમાન ૪૫.૮ (જુન ૨૦૧૧)માં નોંધાયેલ હતું. જયારે ન્યુનતમ તાપમાન ૨.૦ (જાન્યુઆરી ૨૦૧૧)માં નોંધાયેલું હતું. સાથો સાથ સરેરાશ ગરમીના દિવસોમાં વધારો થયો છે. જયારે સરેરાશ ઠંડીના દિવસોમાં ઘટાડો થયેલો જોવા મળે છે.

(૩) ધરતીકંપ :- ભારતમાં ધરતીકંપના સંભવિત સ્થળો અને તેની તીવ્રતાને આધારે કચ્છ જીલ્લાને અતિ સંવેદનશીલ ઝોન ૫ માં મુકવામાં આવેલ છે. છેલ્લી એક સદીમાં મોટા ત્રણ ધરતીકંપનો સામનો કચ્છ જિલ્લાએ કર્યો છે.

(૪) વાવાઝોડું : કચ્છ જીલ્લો સમુદ્ર કાંઠો ધરાવતો હોઈ તેમજ વૈશ્વિક ભુગોળમાં તેનું સ્થાન વિશિષ્ટ હોવાને કારણે વાવાઝોડાની સંભંવનાની સ્થિતિમાં કચ્છનો સંભંવનાં આંક ૪ નો છે. જે દર્શાવે છે કે કચ્છમાં વાવાઝોડાની શક્યતા દર બે વર્ષે એક વખત છે.

(૫) દુષ્કાળ :- કચ્છ જીલ્લો અર્ધ સુકા પ્રદેશમાં હોવાને કારણે જીલ્લામાં દુષ્કાળની સંભંવના વધું છે. જેમાં પણ કચ્છ જીલ્લાને દુષ્કાળની સંભંવનાનો આંક ૪ આપવામાં આવે છે. જે દર્શાવે છે કે જીલ્લામાં દર બે વર્ષ એક દુષ્કાળનું વર્ષ હોય છે.

(૬) ઋતુચક્રમાં પરિવર્તન – જિલ્લાના ઋતુચક્રમાં વ્યાપક ફેરફારો જોવા મળી રહ્યા છે. સામાન્ય રીતે જિલ્લામાં ૧૫ જુન થી ૨૫ જુન વચ્ચેના સમયગાળામાંમાં ચોમાસાની શરૂઆત થતી હોય છે. તેની સામે વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭મા વરસાદની શરૂઆત જિલ્લામાં ૧૫ જુલાઈ બાદ થઈ છે. તેજ પ્રમાણે જિલ્લામાં શિયાળાની શરૂઆત ૧૫ નવેમ્બર બાદ જોવા મળે છે જે છેલ્લા ત્રણ થી ચાર વર્ષ દરમિયાન તેની શરૂઆત ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં થાય છે

ઉપરના વિશ્લેષણને આધારે કઈ શકાય કે કચ્છ જીલ્લામાં જળવાયું પરિવર્તનની સંભંવનાનું પ્રમાણ ખુબ જ વધારે છે. વરસાદ,તાપમાન,વાવાઝોડા,કોલ્ડવેવ અને હોટ્વેવના પ્રમાણમાં સતત અનિશ્ચિતતા ઉભી થતી જોવા મળે છે.

❖ જળવાયું પરિવર્તનની ખેતીક્ષેત્ર ઉપરની સંભવિત અસરો ;-

(૧) વાવેતર વિસ્તારમાં અનિશ્ચિતતા :- કચ્છ જીલ્લામાં વરસાદનું પ્રમાણ અનિશ્ચિત હોવા ઉપરાંત ખુબ જ ઓછો વરસાદ પડતો હોવાને કારણે ખરેખર વાવેતર વિસ્તારમાં વધારો ઘટાડો જોવા મળે છે.

(૨) પાક તરેહમાં ફેરફાર : જળવાયું પરિવર્તનની એક અસર પાક તરેહ પણ જોવા મળે છે. કચ્છમાં અનાજ,કઠોળ,તલ વગેરેનો વાવેતર વિસ્તાર ઘટતો ગયો છે. જયારે અખાધ્યપાકો અને બાગાયતી પાકોના વાવેતર વિસ્તારમાં વધારો થયો છે.

(૩) ખેત ઉત્પાદકતા અને ઉત્પાદન : જળવાયું પરિવર્તનને કારણે ખેત ઉત્પાદન અને ઉત્પાદકતામાં અસમાનતાના દરે વધારો ઘટાડો થાય છે. દુષ્કાળની ઉંચી સંભંવના યુક્ત વિસ્તારમાં ખેત ઉત્પાદકતામાં સતત વધારો જાળવી રાખવો શક્ય બનતો નથી. તેજ પ્રમાણે સાનુકુળ ચોમાસું હોય તો ઉત્પાદનમાં વધારો થાય છે. પરંતુ દુષ્કાળની સ્થિતિમાં ઉત્પાદન ઘટે છે.

(૪) ખેડૂતની આવકમાં અસમાનતા- જળવાયું પરિવર્તનની એક અસર ખેડૂતની આવક ઉપર પણ જોવા મળે છે. ખેડૂતની આવકમાં અસાતત્ય પણું જોવા મળે છે. જળવાયું પરિવર્તનની જયારે તીવ્ર અસર હોય છે. ત્યારે ખેડૂતની આવકમાં ઘટાડો જોવા મળે છે.

(૫) ખેડૂતના ખર્ચમાં વધારો – જળવાયું પરિવર્તનને કારણે ખેડૂતના ખર્ચમાં વધારો થાય છે. ખાસ કરીને જિલ્લામાં વરસાદનું પ્રમાણ ઓછું હોય તેમજ તાપમાનનું પ્રમાણ વધું હોય ત્યારે શિચાઈ પાછળના ખર્ચ ખુબ મોટો વધારો થાય છે.

(૬) વસ્તીનું સ્થળાંતર –જળવાયું પરિવર્તનની વ્યાપક અસરને કારણે કચ્છ જીલ્લાની ગ્રામિણ વસ્તીનું સતત સ્થળાંતર થય રહ્યું છે. ખાસ કરીને અબડાસા, નખત્રાણા,લખપત અને રાપર તાલુકામાંથી તેમજ કચ્છના પ્રખ્યાત બન્નીના ઘાસના મેદાનમાં થી વસ્તીનું સ્થળાંતર થઈ રહ્યું છે.

(૭) ખેડૂતની આર્થિક સ્થિતિમાં ફેરફાર- જળવાયું પરિવર્તનને કારણે એક બાજુ ખેડૂતના ખર્ચમાં વધારો થયો છે જયારે તેની આવકમાં કોઈ ખાસ વધારો થયો નથી તેથી ખેડૂતની આર્થિક સ્થિતિ વધુ કફોડી બની છે ખેડૂત ઉપર સંસ્થાકીય અને બિનસંસ્થાકીય દેવાના પ્રમાણમાં સતત વધારો થાય રહ્યો છે.

❖સંદર્ભ સાહિત્ય ;-

(૧) સંશોધન પધ્ધતિ એ.એ. પરમાર પોપ્યુલર પ્રકાશન

(૨) ભારતનું કૃષિ ક્ષેત્ર વિકાસ અને પડકારો ડો. ભાસ્કર હ. જોષી યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ

(૩) પર્યાવરણનું અર્થશાસ્ત્ર ડો. બી. કે. ભટ્ટ - પોપ્યુલર પ્રકાશન

(૪) કચ્છ જીલ્લાની આંકડાકીય રૂપ રેખા વર્ષ – ૨૦૧૬-૧૭ કચ્છ જિલ્લા પંચાયત ભુજ

(૫) કચ્છ જીલ્લાનો ડીઝાસ્ટર પ્લાન – ૨૦૧૬ કચ્છ જિલ્લા ડીઝાસ્ટર વિભાગ ભુજ

9

# "ગુજરાતમાં કૃષિ વિકાસ માટે સરદાર સરોવર" સિંચાઈ યોજનાની ભૂમિકા

**સંશોધક**
**પ્રદિપસિંહ એમ. ઝાલા**
એમ.એ. ફિલ (અર્થશાસ્ત્ર)
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ.

**માર્ગદર્શક**
**ડૉ.એસ.જે. ઝાલા**
પ્રિન્સીપાલ
શ્રી એમ.બી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,
ગોંડલ જી.રાજકોટ

વર્તમાન સમયમાં આર્થિક વિકાસએ રાષ્ટ્રનો મુખ્ય પ્રશ્ન છે આર્થિક વિકાસને વેગ આપવા માટે ઉદ્યોગ અને સેવાતેત્રની સાથે સાથે કૃષિક્ષેત્રનો વિકાસ ખૂબ જ આવશ્યક છે.

ત્યારે ગુજરાત માટે કૃષિક્ષેત્ર એક મહત્વનું ક્ષેત્ર માનવામાં આવે છે આજે આધુનિક યુગમાં કૃષિક્ષેત્રે પરંપરાગત ઘટકોને બદલે આધુનિક ઘટકોનો ઉપયોગ સતત વધી રહો છે. ત્યારે સિંચાઈએ કૃષિક્ષેત્રનું એક મહત્વનું ઘટક છે સિંચાઈએ કૃષિક્ષેત્રના વિકાસ માટે પાયાની ભૂમિકા ભજવછે છે ત્યારે ગુજરાતમાં કૃષિ વિકાસ માટે "સરદાર સરોવર સિંચાઈ યોજના" ની ખૂબ જ આવશ્યક ભૂમિકા છે.

**⇨પ્રસ્તાવના :**

વર્તમાન સમયમાં આર્થિક વિકાસ એ વિશ્વના તમામ રાષ્ટ્રનો પાયાનો પ્રશ્ન છે અલ્પ વિકાસ અને ઉચ્ચ સોપાનો સર કરવા માટે સતત પ્રયત્નસીલ રહે છે ત્યારે વિકસીત રાષ્ટ્રો આર્થિક વિકાસને ટકાવી રખવા માટે સતત પ્રયત્નશીલ હોય છે સામાન્ય રીતે આર્થિક વિકાસનો આધાર અર્થતંત્રના મુખ્ય ત્રણ ક્ષેત્રો ઉપર રહેલો છે જેમાનું એક ક્ષેત્ર કૃષિક્ષેત્ર છે.

ગુજરાત માટે કૃષિક્ષેત્ર એક મહત્વનું ક્ષેત્ર માનવામાં આવે છે. આવક રોજગારી, નિકાસ જેવી આર્થિક બાબતો તેમજ સામાજીક સાંસ્કૃતિક અને ભૌગોલિક સ્થિરતા માટે કૃષિક્ષેત્ર ખુબ જ મહત્વનું ક્ષેત્ર છે આઝાદી બાદ કૃષિક્ષેત્રમાં પરંપરાગત ઘટકો બદલે આધુનિક ઘટકો (સાધનો) નો ઉપયોગ સતત વધી રહયો છે ત્યારે સિંચાઈએ કૃષિક્ષેત્રનું એક મહત્વનું ઘટક છે સિંચાઈ આજે આધુનિક યુગમાં કૃષિક્ષેત્રના વિકાસ માટે પાયાની ભૂમિકા ભજવે છે કારણ કે આધુનિક સિંચાઈની સુવિધાની પધ્ધતિને કારણે કૃષિક્ષેત્ર ઉત્પાદન, ઉત્પાદકતા પાકની તરેહઈ અને પાકની ગુણવતોમાં સકારાત્મક પરિવર્તન આવે છે ગુજરાત રાજય આર્થિક વિકાસની દ્રષ્ટીએ અગ્રેસર છે. ગુજરાતમાં ઉદ્યોગ સેવા ક્ષેત્રની સાથે સાથે કૃષિક્ષેત્રનો પણ સારો એવો વિકાસ થયો છે ભારતના અન્ય રાજયોના કૃષિવિકાસની તુલનાએ ગુજરાતનો કૃષિક્ષેત્રે વિકાસનો દર નોંધપાત્ર રીતે વધુ છે. ૨૦૧૨ માં એટલે કે છેલ્લા દાયકામાં ભારતનો

કૃષિવિકાસ દર ૩.૫૭% રહયો છે ત્યારે તેની સરખામણીએ ગુજરાત રાજયનો કૃષિ વિકાસ દર ૧૦.૬૭% રહયો છે.

ઉપરોકત દર એ ગુજરાતમાં કૃષિક્ષેત્રનો વિકાસ થવા પાછળના મુખ્ય પરિબળ ટેકનીકલ અને સંસ્થાગત પરિબળોમાં આવેલ સકારાત્મક ફેરફારો અને આધુનિક પ્રયાસો છે જેમાં પણ છેલ્લા (૨) બે દાયકાથી સિંચાઈની સુવિધા વધી તેમજ વધુને વધુ વાવેતર વિસ્તાર સિંચાઈ નીચે આવરી લેવા માટેના પ્રયત્નો થઈ રહયા છે ગુજરાતમાં સિંચાઈ માટેના ઘણા મુખ્ય સ્ત્રોતો છે જેમાં કુવાઓ, પાતાળ કુવાઓ, તળાવો, સિંચાઈ યોજનાઓ વિગેરે છે. આમાની ગુજરાતની મહત્વકાંક્ષી અને બહુ હેતુક યોજના "સરદાર સરોવર નર્મદા યોજના" છે.

આજે ગુજરાતમાં કૃષિવિકાસ માટેના આધુનિક પ્રવાહોમાં આ સરદાર સરોવર નર્મદા સિંચાઈ યોજનાની ભૂમિકા અગ્રેસર રહેલ છે આધુનિક સિંચાઈ પધ્ધતિ દ્વારા પાકને પાણી પહોંચાડવામાં સફળતા મળી છે. તેનાથી કૃષિવિકાસએ વેગ પકડેલ છે.

### ⇨"સરદાર સરોવર નર્મદા યોજના"

"સરદાર સરોવર નર્મદા યોજના" ગુજરાતની સૌથી મોટી નદી પર આવેલ યોજના છે. જે નદી મધ્ય પ્રદેશમાં અમરકંટક પર્વતમાળામાંથી નીકળતી પૂર્વથી પશ્ચિમે વહી ખંભાતના આખાતને મળી છે નર્મદા નદી લગભગ ૧૩૧૫ કિ.મી. (૮૧૭ માઈલ) લાંબી છે. જે ભારતમાં પાંચમાં નંબરે આવે છે. આ યોજનાની શરૂઆત તા.૦૫/૦૪/૧૯૬૧ માં પંડિત જવાહર લાલ નહેરૂએ ખાત મુર્હુત કરી શરૂ કરી જેની તે સમયે સુચિત ઉંચાઈ ૪૬૦ ફુટ નકકી કરવામાં આવી હતી અને તબકકાવાર બંધની ઉંચાઈ વધારવાની મંજુરીને કારણે છેલ્લે ૨૦૧૦ માં નર્મદા બંધની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર સુધી લઈ જવામાં આવી છે અને હાલમાં ૨૦૧૫ થી નર્મદા બંધની ઉંચાઈ ૧૬૩ મીટર સુધી લઈજવા માટે મંજુરી મળેલ અને કાર્યવાહી ગતિમાં છે.

નર્મદા યોજનાએ આધુનિક બહુહેતુક યોજના છે જેમાં કૃષિક્ષેત્રે સિંચાઈ પીવાનું પાણી, ઉદ્યોગ ક્ષેત્રને પાણી વીજ ઉત્પાદનના હેતુ સાથે આ યોજના શરૂ કરવામાં આવી છે. ગુજરાતને ફાળે ૯૦ લાખ એકર ફુટ પાણી મળનાર છે એક અંદાજ પ્રમાણે આ યોજના દ્વારા ગુજરાતની સિંચાઈ ક્ષમતામાં ૧૮ ટકાનો વધારો થવાની સંભાવના છે. આ યોજનાનું પાણી સમગ્ર ગુજરાતને મળવાનું છે અને ગુજરાતના કાર્યક્ષેત્રનો ખૂબજ વિકાસ થવાનો છે સરદાર સરોવર નર્મદા સિંચાઈ યોજનાથી ગુજરાત રાજયના ૧૫ જીલ્લા તથા ૭૩ તાલુકા અને ૩૧૧૨ જેટલા અંદાજી ગામોને સિંચાઈનો લાભ મળશે સમગ્ર પિયત વિસ્તાર ૩૪.૨૮ લાખ હેકટર અને ખેડવા લાયક પિયત વિસ્તાર ૪૫ લાખ હેકટર જમીનનો વાર્ષિક સિંચાઈનો લાભ મળશે તદઉપરાંત ૧૩૧ શહેરો અને ૯૬૩૩ ગામડાઓને. પીવાના પાણીનો લાભ મળશે. "સરદાર સરોવર નર્મદા યોજના" ની અસરથી ગુજરાત સિંચાઈ ક્ષમતામાં ૧૮ ટકાનો વધારો થવાની સંભાવના છે આથી આ યોજનાને ગુજરાતની જીવાદોરી ગણવામાં આવે છે.

### ⇨"સરદાર સરોવર નર્મદા યોજના" ની ગુજરાતના કૃષિ વિકાસ માટેની ભૂમિકા :

છેલ્લા (૨) બે દાયકાનો આર્થિક વિકાસમાં સાપેક્ષ ફાળો અન્ય ક્ષેત્રની તુલનાએ ઘટતો જાય છે. અથવા બીજી રિતે કહીએ તો અન્યક્ષેત્રની તુલનાએ કૃષિક્ષેત્રનો વિકાસદર ઘણો નીચે જોવા મળે છે. આ સ્થિતિમાં કૃષિક્ષેત્રના ઝડપી વિકાસ માટે કૃષિક્ષેત્રે આધુનિક ક્રાંતિકારી ફેરફારો થવા જોઈએ આ ઉપરાંત વધુને વધુ વાવેતર કૃષિક્ષેત્રના ઝડપી વિકાસ માટે સિંચાઈ એ મહત્વનું અને પ્રથમ સોપાન યા પગથીયું છે જેને અનુલક્ષીએ આજે કૃષિક્ષેત્રના વિકાસ માટે આધુનિક સિંચાઈની સુવિધા વધારવા માટેના પ્રયાસો થયા છે જેને કારણે ગુજરત રાજયનો કૃષિ વિકાસ દરમાં વધારો થયો છે ઉપરોક્ત બાબતને આધારે કહી શકાય કે સિંચાઈની સુવિધા અને એક બીજા સાથે જોડાયેલા પરિબળો છે કૃષિવિકાસએ સિંચાઈની સુવિધાને વિસ્તરણનો વિષય છે તેમ કહી શકાય એટલે કે સિંચાઈની સુવિધા વધતા કૃષિક્ષેત્રનો વિકાસ વધે છે. કૃષિક્ષેત્ર અને સિંચાઈ વિસ્તાર વચ્ચે હંમેશા સીધો સબંધ હોય છે. ટુંકમાં કહીએ તો સિંચાઈ વિસ્તરણ જયારે આર્થિક રીતે લાભદાયક હોય એટલે કે સિંચાઈની કારણે ખર્ચમાં થતા વધારા કરતા આવકમાં થતો વધારો વધુ હોય ત્યારે જ ખેડૂત સિંચાઈ વિસ્તરણ અને તેના કારણે કૃષિક્ષેત્રના વિકાસ માટે ભાગીદાર બનવા તત્પરતા દાખવે છે આમ આધુનિક યુગમાં સિંચાઈ ક્ષેત્રનો વધારો થવાની આગામી સમયમાં સિંચાઈ વિસ્તરણથી કૃષિક્ષેત્ર વિકાસ થશે તે નકકી થાય છે.

### ⇨ "સરદાર સરોવર સિંચાઈ યોજના" ના ફાયદા

- ☞ સરદાર સરોવર નર્મદા યોજનાને કારણે કૃષિક્ષેત્રે સિંચાઈમાં વધારો થયેલ છે.
- ☞ સરદાર સરોવર નર્મદા યોજનાને કારણે સિંચાઈમાં વધારો થતાં કૃષિક્ષેત્રમાં તેજી આવી છે.
- ☞ સરદાર સરોવર નર્મદા યોજનાને કારણે ખેડૂતોની કુલ આવકમાં વધારો થયો છે જેના કારણે ખેડૂતની આર્થિક સ્થિતિમાં સુધારો આવેલ છે.
- ☞ સરદાર સરોવર નર્મદા યોજનાને કારણે કૃષિક્ષેત્ર પાકની તરાહમાં ઘણા બધા જ પરીવર્તનો આવ્યા છે અને પાકમાં ખૂબ જ વધારો થયો છે. ઉત્પાદન અને ઉત્પાદકતામાં વૃધ્ધી જોવા મળી છે.
- ☞ સરદાર સરોવર સિંચાઈ યોજનાથી ગુજરાતના કૃષિવિકાસમાં ખાસ ફેરફારો થયા છે જેના કારણે ગુજરાતના કૃષિ વિકાસમાં વધારો થયો છે.

આમ ગુજરાતમાં કૃષિ વિકાસ માટેના આધુનિક પ્રવાહોમાં સરદાર સરોવર સિંચાઈ યોજનાનું ખૂબ જ મહત્વ રહેલું છે. આધુનિક સિંચાઈ પધ્ધતિ દ્વારા ખેતીના પાકને સમયાંતરે પાકને પાણી આપવામાં આવ છે. અને સરદાર સરોવર સિંચાઈ યોજનાથી પાકને પુરતુ પાણી મળી રહે છે. જે દ્વારા આજે ગુજરાતમાં મબલક પાકનું ઉત્પાદન થાય છે. એ કહેવુ સાચુ છે કે

"ખેડ ખાતર પાણી સમૃધ્ધી લાવે તાણી"

તો આજે ગુજરાતના કૃષિ વિકાસમાં "સરદાર સરોવર નર્મદા સિંચાઈ યોજના" નું ખુબજ મહત્વનું સ્થાન રહેલું છે.

## ⇨ સંદર્ભ સૂચિ :


૧. **બુક :**

**૧. ભાસ્કર જોષી (૧૯૯૯)**

ભારતનું કૃષિ ક્ષેત્ર વિકાસ પડકારો ગુજરાત ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

**૨. રમેશ બી. શાહ (૧૯૯૯)**

વિકાસશીલ દેશોના આર્થિક પ્રશ્નો યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

૨. **અભ્યાસો :**

**૧. ડી.એસ. રાર્ણીગા (૨૦૦૭)**

૧૯૯૧ બાદ સૌરાષ્ટ્રમાં પાકની તરાહમાં આવેલ પરિવર્તનનો વિશ્લેષણાત્મક અભ્યાસ.

**૨. સી.એસ.ઝાલા (૨૦૧૦)**

હરીયાળી ક્રાંતિની ખેડૂતોની આર્થિક સ્થિતિ ઉપરની અસરો અને પરીણામો સુરેન્દ્રનગર જિલલાના સંદર્ભમાં :

૩. **વર્તમાન પત્રો :**

૧. વિધુત જોષી તા.૧૪/૦૭/૨૦૧૩

નર્મદા બંધ પૂર્ણ થશેસંચાઈની સિંચા કરીએ : દિવ્ય ભાસ્કર

૪. **સામાયિકો :**

૧. ડાં. જયોતિ વિશ્વકર્મા :

(અંક ૫ વર્ષ ૨૦૧૧–૧૨) અર્થસંકલન પેજનં.૨

૨. ડાં. અર્ચના પરમાર :

(અંક ૭ વર્ષ ૨૦૧૧–૧૨) યોજના પેજનં.૨૩

૫. **WEBSITE :**

1. www.Sardarsarovardm.org.

2. www.gujaratindia.com

...Published by...
http://www.shantiejournal.com/

**SHANTI PRAKASHAN**

**HQ. : 1780, Sector-1, Delhi By pass,**
**ROHTAK-124001 (HARYANA)**

**OTHER CONTACT**

**D-19/220, Nandanvan Apartment, Nr. Bhavsar Hostel,**
**New Vadaj, AHMEDABAD-380013.**